Fullerton India

# સામાન્ય નિયમો અને શરતો
# પર્સનલ/બિઝનેસ લોન

# પરિશિષ્ટ I

# પર્સનલ/બિઝનેસ લોન લેવા માટેની

# ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપનીના (ઓલ-ઈન્ડિયા)

# સામાન્ય નિયમો અને શરતો

[11 નવેમ્બર, 2019 ના રોજ સબ–રજિસ્ટ્રાર– વિરુગમ્બક્કમ, ચેન્નઈ સાથે નોંધણીકૃત]

## 1. વ્યાખ્યાઓ અને અર્થઘટનઃ

1એ. નીચે આપેલા શબ્દો અને અભિવ્યક્તિઓ જ્યાં સુધી વિષય અથવા સંદર્ભથી કશું પણ વિસંગત ન હોય ત્યાં સુધી આ સમગ્ર નિયમો અને શરતોમાં તેમને આપવામાં આવેલા અર્થ ધરાવશેઃ

i. **''એપ્લિકેશન ફોર્મ''**નો અર્થ સંદર્ભ અનુસાર અથવા તેની આવશ્યકતા અનુસાર ઋણ લેનાર(રો) અને સહ–ઋણ લેનાર(રો) દ્વારા લોન માટે અરજી કરવા અને તેને મેળવવા માટે પરિશિષ્ટ અને વધારાના દસ્તાવેજો, ઋણ લેનાર(રો) ઓ અથવા અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા લોનના સંબંધમાં વખતો વખત પૂરી પાડેલી અન્ય માહિતી, વિગતો, સ્પષ્ટતાઓ, પત્રો અને કબૂલાતો અને ઘોષણાઓ જો કોઇ હોય તો તેની સાથેનું સંદર્ભ અનુસાર અથવા તેની આવશ્યકતા અનુસાર એફઆઇસીસીએલને (પછીથી વ્યાખ્યાયિત થશે) સુપરત કરેલું ક્રેડિટ લોન એપ્લિકેશન ફોર્મ થાય છે.

ii. **''વધારાનું વ્યાજ''** એટલે કોઈપણ ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેંટ (જે હવે પછી અહીં ઈએમઆઈ તરીકે વ્યાખ્યા કરેલ છે) ની ચૂકવણીમાં કોઈ વિલંબ થવા પર દેણદાર દ્વારા એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર રહેતું વધારાનું વ્યાજ અથવા પ્રી–ઈન્સ્ટોલમેંટ ઈન્ટરેસ્ટ છે, જે લોન એપ્લિકેશન, જો લાગુ હોય તો તેમાં વધુ સ્પષ્ટ જણાવેલ છે.

iii. **''ઋણ લેનાર(રો)''**નો અર્થ અને સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે અર્થ એવા અરજદારો થાય છે (એપ્લિકેશન ફોર્મ અને એમઆઈટીસીમાં વિશેષ રીતે વધુ વર્ણવવામાં આવ્યા છે અને તેમાં જ્યાં પણ લાગુ થાય ત્યાં સહ–ઋણ લેનારાઓનો સમાવેશ થાય છે), જેમને લોન લેવા માટે એફઆઈસીસીએલને અરજદારો અને સહ–અરજદારો દ્વારા સુસંગત એપ્લિકેશન ફોર્મ સુપરત કર્યા બાદ એફઆઈસીસીએલ દ્વારા લોન મંજૂર કરવામાં/ફાળવવામાં/ડિસ્બર્સ કરવામાં આવી હોય છે અને ઋણ લેનાર/લેનારાઓના પ્રકારને આધારે સંદર્ભ અથવા તેના અર્થથી વિસંગત ન હોય ત્યાં સુધી તેમાં નીચેની બાબતો સામેલ હોવાનું માનવામાં આવશે (એ) જ્યાં ઋણ લેનાર વ્યક્તિ અથવા પ્રોપ્રાયટરશીપ, તેમના/તેણીના વારસો, એક્ઝિક્યુટર્સ અને વહીવટીઓ; (બી) જ્યાં ઋણ લેનાર ઈન્ડિયન પાર્ટનરશીપ એક્ટ, 1932ના અર્થઘટન અનુસાર ભાગીદાર કંપની, ભાગીદારો અથવા જણાવેલી ભાગીદાર કંપનીના હાલના સમય પૂરતા ભાગીદારો, તેમના પર નિર્ભર વ્યક્તિઓ અને છેલ્લા જીવિત હોય એ ભાગીદારના વારસદારો, એક્ઝિક્યુટર્સ અને વહીવટીઓ; (સી) જ્યાં ઋણ લેનાર હિન્દુ અવિભાજિત પરિવારના કર્તા હોય છે અને ઋણ હિન્દુ અવિભાજિત પરિવાર, જણાવેલા હિન્દુ અવિભાજિત પરિવારના હાલના સમય પૂરતા પુખ્ત સભ્યો અને તેમના સંબંધિત વારસદારો, એક્ઝિક્યુટર્સ અને વહીવટીઓ અને મંજૂરી મેળવેલી મુકરર કરેલી વ્યક્તિઓના ઉદ્દેશ માટે હોય છે; (ડી) જ્યાં ઋણ લેનાર/લેનારાઓ કંપનીઝ એક્ટ, 1956 અથવા કંપનીઝ એક્ટ, 2013ના અર્થ અનુસાર (પરિસ્થિતિ પ્રમાણે) કંપની, તેના અનુગામીઓ અને મંજૂરી મેળવેલ મુકરર કરેલી વ્યક્તિઓ છે; (ઈ)જ્યાં ઋણ લેનાર બિનસ્થાપિત મંડળ, આવા મંડળના તમામ સભ્યો અને તેમના સંબંધિત અનુગામીઓ છે; (એફ) જ્યાં ઋણ લેનાર સંગઠનના સંચાલન કરતા મંડળ, સંચાલન કરતા મંડળના સભ્યોના સંબંધિત અનુગામીઓ અને કોઇ પણ નવા સભ્યો છે અને (જી) જ્યાં ઋણ લેનાર ટ્રસ્ટ, તેના હાલના સમય પૂરતા ટ્રસ્ટી(ઓ) અને ટ્રસ્ટ/ટ્રસ્ટીઓના અનુગામીઓ અને મંજૂરી મેળવેલ મુકરર કરેલી વ્યક્તિઓ છે.

iv. **''દેણદાર(રો) ''**ની પાકતી રકમ નો અર્થ છે અને તેમાં સામેલ છે લોનની બાકી નીકળતી મૂળ રકમ, લોન પરનું વ્યાજ, અન્ય દરેક વ્યાજ, બધી જ ફી, ખર્ચા, ચાર્જિસ, શૂલ્ક, કરવેરા, ખર્ચા, સ્ટેમ્પ ડ્યુટી તેમ જ દેણદાર(રો) અને/અથવા સહ–દેણદારો દ્વારા લોનની શરતો અનુસાર એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર એ અન્ય દરેક રકમો તેમ જ લોનની શરતો અને લોન દસ્તાવેજો અંતર્ગત દેણદાર(રો) એ ચૂકવવાપાત્ર દરેક રકમ.

v. **''બિઝનેસ દિવસ''**નો અર્થ એવો દિવસ થાય છે જેના રોજ એપ્લિકેશન ફોર્મમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે એફઆઈસીસીએલની સુસંગત/સ્થાનિક ઓફિસ અથવા એફઆઈસીસીએલ દ્વારા જાહેર કરી હોઈ શકે એવી આવી અન્ય કોઈ ઓફિસ કારોબારના સામાન્ય વહેવાર માટે ખુલ્લી હોય છે.

vi. **''સહ-દેણદાર(રો)''** એટલે એવી કોઈપણ વ્યક્તિ જેને અરજી પત્રક, લોન દસ્તાવેજો, એમઆઈટીસી અથવા એફઆઈસીસીએલ દ્વારા વખતો વખતે નિર્દિષ્ટ કરાતા અન્ય દસ્તાવેજોમાં સહ–દેણદાર(રો) તરીકે વર્ણન કરાયા હોય.

vii. **''ચુકવણીની નિયત''** તારીખનો અર્થ એવી તારીખ(ખો) થાય છે જેના રોજ એપ્લિકેશન ફોર્મ અને/અથવા લોનની શરતો અને લોનના દસ્તાવેજોમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની રહેતી રકમના અનુસંધાનમાં લોનની મુખ્ય રકમ, વ્યાજ અને/અથવા અન્ય કોઈ નાણાં સહિત કોઈ પણ રકમ ચુકવવાની બાકી હોય છે.

viii. **''વિલંબિત ચુકવણીના ચાર્જિસ''**નો અર્થ કોઈ પણ હપ્તાની ચુકવણી અથવા આ પ્રકારની કોઇ પણ ચુકવણીમાં કોઇ પણ કાઋણસર વિલંબ થવાને પગલે ઋણ લેનાર દ્વારા એફઆઈસીસીએલને ચુકવવા પાત્ર થતી વધારાની રકમ થાય છે.

ix. **''અસરકારક તારીખ''**નો અર્થ સ્પષ્ટ ન કર્યું હોય ત્યાં સુધી એમઆઈટીસીમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે ઋણ લેનારને લોનનાં ડિસ્બર્સમેન્ટની તારીખ થાય છે.

x. **''ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેંટ્સ''** અથવા **''ઈએમઆઈ''** એટલે એફઆઈસીસીએલ દ્વારા વખતો વખત નિર્ધારિત કરવામાં આવી શકે એ મુદતની અંદર લોન અમોર્ટાઈઝ કરવા (ચૂકવવા) દેણદાર(રો) દ્વારા એફઆઈસીસીએલને દર મહિને ચૂકવવાપાત્ર રહેતી રકમ.

xi. **''એફઆઈસીસીએલ''**નો અર્થ ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ થાય છે, જે કંપનીઝ એક્ટ 1956 હેઠળ નોંધણી પામી છે અને તે ત્રીજો માળ, નંબર – 165, મેઘ ટાવર્સ, પી.એચ. રોડ, મદુરાવોયલ, ચેન્નઈ – 600095 ખાતે તેની નોંધણી પામેલી ઓફિસ ધરાવે છે અને તે તેના અનુગામી અને મુકરર કરેલી વ્યક્તિઓને સામેલ કરે છે.

xii. **''ફી''**નો અર્થ એપ્લિકેશન ફોર્મ / એમઆઈટીસીમાં પૂરી પાડેલી વિગતો અનુસાર ઋણ લેનાર દ્વારા એફઆઈસીસીએલને એકત્રિત રીતે ચુકવવા પાત્ર દસ્તાવેજીકઋણની ફી, સર્વિસિંગ
ફ 1 ,
લોનની પ્રોસેસિંગ ફી અને નોંધણીની ફી અને એમઆઈટીસીમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે અથવા ઋણ લેનારને એફઆઈસીસીએલ દ્વારા વખતો વખત કરવામાં આવતી જાણ પ્રમાણે અન્ય આ પ્રકારની ફી થાય છે.

xiii. **''સામાન્ય નિયમો અને શરતો''**નો અર્થ એફઆઈસીસીએલ દ્વારા ઋણ લેનારને લોન મંજૂર કરવા માટેના સામાન્ય નિયમો અને શરતો થાય છે.

xiv. **''સરકારી સત્તાધિકારી''**નો અર્થ ભારત સરકાર અથવા ભારતના અન્ય કોઇ રાજ્યની સરકાર અથવા તેના સરકારી વિભાગ અથવા ભારતમાં અર્ધ–ન્યાયિક અથવા ન્યાયિક અથવા અર્ધ–ન્યાયિક વ્યક્તિ અથવા ભારતીય કાયદાના વહીવટનો હવાલો સંભાળતી કોઇ વ્યક્તિ (પછી તે સ્વાયત હોય કે ન હોય) થાય છે.

xv. **''દેવાનો બોજો''**નો અર્થ કોઇ પણ સમયે ઉછિના લીધેલા, કરારબદ્ધ અથવા ઊભા કરેલા નાણાં (રોકડ રકમ માટે હોય કે ન હોય) અથવા કોઇ પણ પ્રકારે થયેલા દેવા (જામીનગીરી હેઠળ, નુકસાન સામેના રક્ષણની કાયદેસરની જવાબદારી, સ્વીકૃતિ, ક્રેડિટ, થાપણો, હાયર–પર્ચેસ અને લિઝિંગ સહિત) માટે અથવા તેના અનુસંધાનમાં ઋણ લેનાર/લેનારાઓના કોઇ ઋણનો બોજો થાય છે.

xvi. **''હપ્તાઓ''**નો અર્થ લોનના દસ્તાવેજોમાં જ્યાં સુધી સ્પષ્ટ ન કર્યું હોય ત્યાં સુધી ચોક્કસ સમયગાળા દ્વારા અલગ કરેલી લોનની સમગ્ર અવધિ દરમિયાન મુખ્ય રકમ, પીઆઈઆઈ અને વ્યાજને સમાવતી રકમના હપ્તા થાય છે, જે લોનની પુનઃચુકવણી માટે ચુકવવાની બાકી રહેતી અને ચુકવવા પાત્ર રકમ થાય છે જેને એમઆઈટીસીમાં વધુ વિગતવાર જણાવી છે.

xvii. **''હપ્તાની ચુકવણીની નિયત તારીખ''**નો અર્થ પ્રત્યેક તારીખ જેના રોજ ઋણ લેનાર દ્વારા એફઆઈસીસીએલને પ્રત્યેક હપ્તા ચુકવવાના અને ચુકવવા પાત્ર રહેશે. હપ્તાની ચુકવણીની નિયત તારીખ એમઆઈટીસીમાં વધુ સ્પષ્ટરીતે વર્ણવવામાં આવી છે.

xviii. **''વ્યાજ''**નો અર્થ અને તેમાં ફકરા 2.3માં સ્પષ્ટ કર્યા પ્રમાણે લાગુ થવા પાત્ર વ્યાજદરે લોન પરના એફઆઈસીસીએલ દ્વારા ઋણ લેનાર પર ચાર્જ કરવા પાત્ર વ્યાજનો સમાવેશ થાય છે.

xix. **''કાયદો''**નો અર્થ અને તેમાં લાગુ થવા પાત્ર તમામ લિખિત કાયદા, ઠરાવ, ધારાસભા અથવા વિધાનસભાના અધિનિયમ, કાયદાઓ, વટહુકમો, નિયમો, પેટાનિયમો, નિયમનો, જાહેરનામાઓ, માર્ગદર્શિકાઓ, નીતિઓ, નિર્દેશનો, સૂચનાઓ અને સરકારી સત્તાધિકારી, કાયદાકીય સત્તાધિકારી, ટ્રિબ્યુનલ, બોર્ડ, કોર્ટ અથવા ભારત કે વિદેશના માન્યતાપ્રાપ્ત શેરબજારોના આદેશોનો સમાવેશ થાય છે.

xx. **''લોન''** એટલે પૂર્ણ વિગતો ભરેલ અરજી પત્રક પ્રાપ્ત થયા અનુસાર તેમાં અને/અથવા એમઆઈટીસીમાં જણાવેલ હેતુ માટે દેણદારને મંજૂર કરાતી લોન/ક્રેડિટ સુવિધા.

xxi. **''લોન ડૉક્યુમેંટ્સ''** એટલે અરજી પત્રક, સામાન્ય નિયમો અને શરતો, ડીમાન્ડ પ્રોમિસરી નોટ, ઘોષણા (ડીક્લેરેશન), એમઆઈટીસી અને આમાં એ દરેક લખાણો અને અન્ય દસ્તાવેજો સામેલ છે જે દેણદાર(રો) દ્વારા લોન સંદર્ભે અથવા લોન સંબંધિત જે પણ લાગુ થાય તેમ હોય અને એવાં દરેક લોન દસ્તાવેજો જે એફઆઈસીસીએલ દ્વારા વખતો વખત સુધારો કરવામાં અને/અથવા નિર્દિષ્ટ કરવામાં આવે તેમ અમલી કરેલ અથવા કરાર કરેલ હોય અથવા અમલી કરવાના અથવા કરાર કરવાના હોય.

xxii. **''લોનની શરતો''** એટલે અને સંયુક્ત રીતે એ દરેક નિયમો અને શરતોનો ઉલ્લેખ કરે છે જે આમાં નિર્દિષ્ટ કર્યાં હોય (ક) અરજી પત્રક, (ખ) આ સામાન્ય નિયમો અને શરતો, (ગ) એમઆઈટીસી અને (ઘ) લોન દસ્તાવેજો (ચ) એફઆઈસીસીએલ દ્વારા નિર્દિષ્ટ અન્ય કોઈ દસ્તાવેજો.

xxiii. **''મટીરિયલ એડવર્સ ઈફેક્ટ''**નો અર્થ કોઈ ઘટના, સંજોગ, બનાવ અથવા સ્થિતિની અસર અથવા પરિણામ થાય છે જેને લીધે લેણદાર દ્વારા પોતાની રીતે નિર્દિષ્ટ કોઈ તારીખે એવી કોઈ અસર અથવા પરિણામમાં પરિણમી હોય અથવા આના પર મટીરિયલ અને એડવર્સ ઈફેક્ટ કરી શકવાનું મનાયું હોય (ક) દેણદાર અથવા કોઈ ઓબ્લાઈઝર્સની આર્થિક સ્થિતિ, બિઝનેસ અથવા સંચાલન, (ખ) દેણદાર અથવા કોઈ ઓબ્લાઈઝર્સની ટ્રાન્ઝેક્શન ડૉક્યુમેંટ્સ હેઠળ તેની જવાબદારીઓનું વહન કરવાની ક્ષમતા, (ગ) દેણદાર અથવા કોઈ ઓબ્લાઈઝર્સની (જે પણ લાગુ થાય તેમ) કોઈ ટ્રાન્ઝેક્શન ડૉક્યુમેંટ હેઠળ કોઈ અધિકાર, લાભ, વિશેષ લાભ અથવા ઉપાયનો અમલ અથવા લાગુ કરવાની અથવા તેની કોઈ જવાબદારીઓ/ ઓબ્લિગેશન્સના ક્લીઅરન્સ, એપ્રૂવલ્સ અથવા ડિસ્ચાર્જ કરવાની ક્ષમતા; (ઘ) આ કરાર (એગ્રીમેન્ટ) અથવા સંબંધિત સીક્યોરિટી દસ્તાવેજો (કોઈ લેણદારની આ કરાર હેઠળ તેમનાં કોઈપણ ઉપાયો અમલી કરવાની ક્ષમતા સહિત)ની કાયદેસરતા, વૈધતા, લાગુ સ્વરૂપ અથવા એન્ફોર્સીએબિલિટી, અથવા (ચ) ઈન્ટરનૅશનલ કૅપિટલ અથવા લોન માર્કેટ પરિસ્થિતિઓ; અથવા (છ) પ્રજાસત્તાક ભારતની રાજકીય, આર્થિક અથવા અર્થતંત્ર સ્થિતિ; દેણદાર(રો)

xxiv. **''સૌથી મહત્ત્વના નિયમો અને શરતો''** અથવા **''એમઆઈટીસી''**નો અર્થ ઉપલબ્ધ કરેલી લોનને લગતા મુખ્ય નિયમ અને શરતો ધરાવતો દસ્તાવેજ થાય છે, જેને એફઆઈસીસીએલ દ્વારા વિચારઋણા અને પ્રોસેસિંગ કરવા માટે ઋણ લેનાર દ્વારા સ્વીકારવામાં/ પુષ્ટિકરવામાં આવે છે.

xxv. **''વ્યક્તિ(ઓ)મા''** વ્યક્તિ, કોર્પોરેશન, ભાગીદારી, સંયુક્ત સાહસ, વ્યક્તિઓના સંગઠન, ટ્રસ્ટ, અસંસ્થાપિત, સરકાર (કેન્દ્ર, રાજ્ય અથવા અન્ય કોઇ), સર્વોભૌમિક રાજ્ય અથવા અન્ય એજન્સી, વિભાગ, સત્તાધિકારી અથવા તેના રાજકીય પેટાવિભાગ, આંતરરાષ્ટ્રીય સંસ્થા, એજન્સી અથવા સત્તાધિકારીનો (દરેક કિસ્સામાં અલગ કાનૂની વ્યક્તિ ધરાવતા હોય કે ન હોય) સમાવેશ થાય છે અને તેમાં તેમના લાગતા વળગતા અનુગામીઓ અને મુકરર કરેલી વ્યક્તિઓનો સમાવેશ થશે અને વ્યક્તિગતના કિસ્સામાં તેમના કાનૂની પ્રતિનિધિઓ, વહીવટીઓ, એક્ઝિક્યુટર્સ અને વારસદારોનો સમાવેશ થશે અને ટ્રસ્ટના કિસ્સામાં ટ્રસ્ટી અને હાલના સમય પૂરતા ટ્રસ્ટીઓનો સમાવેશ થશે.

xxvi. **''પ્રી ઈન્સ્ટોલમેંટ ઈન્ટરેસ્ટ'' (''પીઆઈઆઈ'')** એટલે એમઆઈટીસીમાં જણાવેલ લોન પરના વ્યાજ દર મુજબ લાગુ થતી તારીખ અને/અથવા ફાળવ્યાની તારીખ, જે પણ પહેલા આવે ત્યારથી હપ્તા શરૂ થયાની તારીખ સુધી દેણદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેતી વ્યાજની રકમ.

xxvii. **''પૂર્વચુકવણી''**નો અર્થ આ સામાન્ય નિયમો અને શરતોના ફકરા 3.14 અનુસાર લોનની પૂર્વચુકવણી થાય છે.

xxviii. **''પૂર્વચુકવણીના ચાર્જ''**નો અર્થ ફકરા 3.14 અનુસાર ઋણ લેનાર દ્વારા લોનની પૂર્વચુકવણીના કિસ્સામાં એફઆઈસીસીએલ દ્વારા લાદવામાં આવેલા ચાર્જ થાય છે.

xxix. **''વ્યાજના દર''**નો અર્થ એમઆઈટીસીમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે લોન માટે લાગુ થવા પાત્ર વ્યાજનો દર થાય છે.

xxx. **''આરબીઆઈ''**નો અર્થ ભારતીય રિઝર્વ બેંક થાય છે.

xxxi. **''પુનઃચુકવણી''**નો અર્થ એફઆઈસીસીએલને કરવામાં આવતી લોનની પુનઃચુકવણી થાય છે, જેમાં લોનની મુખ્ય રકમ, તેના પરનું વ્યાજ અને સામાન્ય નિયમો અને શરતોનાં સંદર્ભમાં ચુકવવા પાત્ર થતા અન્ય તમામ ચાર્જિસ, ફી અથવા અન્ય ચુકવવા પાત્ર રહેતી રકમ થાય છે.

xxxii. **''પુનઃચુકવણીના સમયપત્રક''**નો અર્થ એમઆઈટીસીમાં સ્પષ્ટ કરવામાં આવી હોય એવી રકમ અને તારીખે લોનની મુખ્ય રકમ અને તેના પરના વ્યાજની પુનઃચુકવણીનું સમયપત્રક થાય છે.

xxxiii. **''મંજૂરી પત્ર''**નો અર્થ લોન મંજૂર કરતી એફઆઈસીસીએલ દ્વારા જારી કરેલા કોઇ દસ્તાવેજ જે ઉપલબ્ધ કરેલી લોનને લગતા અને ઋણ લેનાર દ્વારા સ્વીકારેલા/પુષ્ટિ કરેલા મુખ્ય નિયમો અને શરતો ધરાવતા હોય તે છે. એમઆઈટીસીને મંજૂરી પત્ર તરીકે પણ ગણવામાં આવશે.

**1બી. જ્યાં સુધી વિપરિત ઉદ્દેશ દેખાય નહીં ત્યાં સુધી આ સામાન્ય નિયમો અને શરતોમાંઃ**

(એ) નીચેની બાબતોનો સંદર્ભઃ

**''સુધારા''**માં સપ્લિમેન્ટ, ફેરફાર, નવીનીકરણ, બદલાવ અથવા પુનઃઠરાવનો સમાવેશ થાય છે અને સુધારા થયેલાનો અર્થ તે અનુસાર કરવાનો રહેશે;

**''અસ્કયામતો''**માં તમામ સંપત્તિ જે વર્તમાન અને ભવિષ્યની બંને હોય, (જે વાસ્તવિક, અવાસ્તવિક અથવા અન્ય કોઇ હોય) (બૌદ્ધિક સંપત્તિ અને બૌદ્ધિક સંપત્તિના હકો સહિત), રોકાણ, રોકડ–પ્રવાહ, આવક, હકો, લાભ, વ્યાજ અને પ્રક્યેક વર્ણનના ટાઇટલનો સમાવેશ થાય છે;

**''અધિકૃતિ''**માં અધિકૃતિની સંમત્તિ, અનુમતિ, મંજૂરી, પરવાનગી, ઠરાવ, લાઇસન્સ, છૂટ, ફાઈલિંગ અને નોંધણીનો સમાવેશ થાય છે;

**''ભારણ''**માં મોર્ગેજ, ચાર્જ, લીઅન, જામીન, ગીરો, જામીનગીરી હિત અથવા અન્ય કોઈ વર્ણનના કોઇ પણ લીઅનનો સમાવેશ થાય છે.

**''કાયદો''**માં કોઇ પણ બંધારણ, ઠરાવ, કાયદો, નિયમ, નિયમન, વહહુકમ, ચુકાદો, આદેશ, હુકમનામું, અધિકૃતિ અથવા અન્ય કોઇ પ્રકાશિક નિર્દેશક સૂચના, માર્ગદર્શિકા, આવશ્યકતા અથવા કાયદાનું બળ ધરાવતું સરકારી નિયંત્રણ, અથવા કોઇ પણ ન્યાયિક સત્તાધિકારી દ્વારા કોઇ નિર્ધારણ અથવા તેમના દ્વારા અગાઉની કોઇ પણ બાબતનું અર્થઘટનનો સમાવેશ થાય છે અને તે ભલે પછી એપ્લિકેશન ફોર્મ પર હસ્તાક્ષર કર્યા હોય/સુપરત કર્યું હોય તે દિવસથી અને સમયાંત્તરે થતા પ્રત્યેક સુધારાથી અમલમાં આવે.

(બી) એકવચનમાં બહુવચનનો સમાવેશ થાય છે (અને તેનાથી ઊલટું);

(સી) સામાન્ય નિયમો અને શરતોમાં મથાળા માત્ર સંદર્ભની અનુકુળતા માટે દાખલ કરવામાં આવ્યા છે અને તે લોનની શરતોના અર્થ અને અર્થઘટનમાં અવગણવામાં આવશે;

(ડી) સામેલ કરવું સામેલ કરવામાં આવી રહેલું શબ્દોના સંદર્ભનો મર્યાદા વિના અર્થ કરવામાં આવશે;

(ઇ) જાતિના સંદર્ભમાં સ્ત્રી, પુરુષ અને નાન્યતર જાતિના સંદર્ભનો સમાવેશ થાય છે;

(એફ) કોઇ પણ બાબત માટે એફઆઇસીસીએલ પાસેથી આવશ્યક તમામ મંજૂરી, પરવાનગી, સંમત્તિ અથવા સ્વીકૃત્તિ માટે એફઆઇસીસીએલની અગાઉ, લેખિત મંજૂરી, પરવાનગી, સંમત્તિ અથવા સ્વીકૃત્તિની આવશ્યકતા રહેશે;

(જી) એફઆઇસીસીએલ અને ઋણ લેનાર/લેનારાઓ વચ્ચે કોઇ પણ ઘટના, બનાવ, સંજોગ, બદલાવ, હકીકત, માહિતી, દસ્તાવેજ, અધિકૃત્તતા, કાર્યવાહી, ક્રિયા, ઉપેક્ષા, દાવાઓ, ઉલ્લંઘન, ડિફોલ્ટ સહિતની કોઇ પણ બાબતની વાસ્તવિકતાને લગતા મતભેદ અથવા તકરારની કોઇ ઘટનામાં અગાઉની બાબતની કોઇ પણ વાસ્તવિકતા અંગે એફઆઇસીસીએલનો અભિપ્રાય ઋણ લેનાર/લેનારાઓ માટે આખરી અને બંધનકારક રહેશે.

(એચ) ઉપયોગમાં લીધેલા, પરંતુ અહીં સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત નહીં કરેલા કેપિટલ અક્ષરમાં લખેલા તમામ શબ્દો એપ્લિકેશન ફોર્મ અને/અથવા એમઆઇટીસી હેઠળ તેમને નિર્દિષ્ટ કરેલા લાગતા વળગતા અર્થ ધરાવશે.

(આઇ) અહીં જણાવેલી શરતો અને એમઆઇટીસીમાં ઉલ્લેખ કરેલી શરતો વચ્ચેની કોઇ વિસંગતતાના કિસ્સામાં એમઆઇટીસીમાં જણાવેલી શરતો સામાન્ય પ્રક્રિયામાં પ્રચલિત રહેછે.

## 2. લોન અને ડિસ્બર્સમેન્ટ

2.1. <u>**લોનની રકમઃ**</u> આ સામાન્ય નિયમો અને શરતોને આધિન ઋણ લેનાર/લેનારાઓ એફઆઇસીસીએલ પાસેથી ઋણ લેવા માટે સંમત છે અને એફઆઇસીસીએલ ઋણ લેનારને એપ્લિકેશન ફોર્મ અને/અથવા એમઆઇટીસીમાં ઉલ્લેખ કરેલા ઉદ્દેશ માટે લોન આપવા સંમત થાય છે. જેના માટે અરજી કરવામાં આવી છે / ઋણ લેનાર/લેનારાઓને ઉપલબ્ધ કરવામાં આવી છે તે લોનની મુખ્ય રકમ એમઆઇટીસીમાં સ્પષ્ટ કરેલી રકમ હશે.

2.2 એક વખત ઋણ લેનાર/લેનારાઓ દ્વારા સુપરત કરેલું એપ્લિકેશન ફોર્મ એફઆઇસીસીએલ દ્વારા સ્વીકારવામાં આવે ત્યાર પછી એફઆઇસીસીએલની મંજૂરી અને એફઆઇસીસીએલ દ્વારા આવશ્યક કર્યા પ્રમાણેના આ પ્રકારનાં કેન્સલેશન અથવા ફોરક્લોઝર ચાર્જિસની એફઆઇસીસીએલની ચુકવણી સિવાય ઋણ લેનાર/લેનારાઓ લોન રદ કરવા અથવા લોનનાં ડિસ્બર્સમેન્ટને સ્વીકારવાનો ઇન્કાર કરવા માટે હકદાર નહીં બને.

2.3 <u>**વ્યાજ અને ચાર્જિસઃ**</u> ઋણ લેનાર/લેનારાઓ વખતો વખત અને એમઆઇટીસીમાં સ્પષ્ટ કર્યા પ્રમાણેની તારીખ(ખો) પર અથવા વખતો વખત લેખિતમાં એફઆઇસીસીએલ દ્વારા સુધાર્યા પ્રમાણે ઋણ લેનારને લાગુ થવા પાત્ર વ્યાજના દરે લોન પર વ્યાજ ચુકવવા માટે જવાબદાર રહેશે. લોન પરનું વ્યાજ ચુકવવાની રહેતી મુખ્ય શેષ રકમ પર માસિક રેસ્ટની સાથે દૈનિક ધોરણે ગણવામાં આવશે. લોન પર વ્યાજ તે ફાળવ્યાની / લોનનો ચેક જારી કર્યાની તારીખથી જમા થવા લાગશે ભલે પછી આ ચેક દેણદાર(રો) અથવા તેની બૅન્ક દ્વારા મોકલવા દરમિયાન, પ્રાપ્ત થાય, માન્ય થાય તેમાં ગમે એટલો સમય લાગ્યો હોય. ઋણ લેનાર/લેનારાઓ દ્વારા ચુકવવા પાત્ર વ્યાજનો દર વખતો વખત આરબીઆઇ દ્વારા બેંકો અને નાણાકીય સંસ્થાઓને જારી કરેલી માર્ગદર્શિકાઓ/ નિર્દેશનોને આધારે ફેરફાર થવાને આધિન રહેશે. આરબીઆઇની માર્ગદર્શિકા/નિર્દેશકો, લાગુ નિયમનો, નાણાં બજારની સ્થિતિ, ફંડના ખર્ચ અને સુસંગત સમયે લોન પાત્ર ભંડોળની ઉપલબ્ધીને આધારે ઋણ લેનાર/લેનારાઓ એ પણ નોંધે અને સ્વીકારે કે એફઆઇસીસીએલ હાલના તમામ એડવાન્સિસ/નાણાકીય સહાયો પરના વ્યાજદરોમાં થયેલા કોઈ સુધારાની અપેક્ષિત અસર આપવા માટે બંધાયેલી હોય છે, ભલે પછી આ સુધારામાં વધારો કે ઘટાડો થયો હોય. લોન હેઠળ ડિસ્બર્સમેન્ટ્સ એફઆઇસીસીએલ દ્વારા જે તારીખે જારી કરેલા/ બનાવેલા ચેક(ચેક્સ)/ પે ઓર્ડર(ર્સ)/ અધિકૃત્તતા(ઓ) / ડિમાન્ડ ડ્રાફ્ટ(ડ્રાફ્ટ્સ) તેના રોજ કર્યું હોવાનું માનવામાં આવશે અને તેમની વાસ્તવિક પ્રાપ્તિની તારીખે કર્યું હોવાનું માનવામાં આવશે નહીં અને જો તે ક્રેડિટ દ્વારા કરવામાં આવ્યું હોય તો એફઆઇસીસીએલ દ્વારા ક્રેડિટ કરવામાં આવ્યું હોય તે તારીખથી માનવામાં આવશે. લોનનું પ્રમાણ/રકમ એફઆઈસીસીએલ દ્વારા જ છેવટે નક્કી કરાશે અને આ બાબતે દેણદારોને કોઈ જ વચન આપેલ નથી. વધુમાં, લોન અરજી મંજૂરી કરવી અને લોનની ફાળવણી એફઆઈસીસીએલની સંપૂર્ણ મુનસફી પર રહેશે.

દેણદાર સુવિધા (ફેસિલિટી) ની વખતો વખત બાકી નીકળતી મૂળ રકમ અને કરાર સંદર્ભે અથવા હેઠળ પાકતી અન્ય કોઈ રકમ પર લાગુ થતા વ્યાજ દરે (વખતો વખત સુધારો કરાય તેમ) દરેક ફાળવણીની તારીખથી લેણદારને વ્યાજ ચૂકવશે.

પ્રી ઈન્સ્ટોલમેંટ ઈન્ટરેસ્ટ, ફાળવણીની તારીખથી આવતા મહિનાની પાકતી તારીખ જે એમઆઈટીસીમાં જણાવેલ હોય ત્યાં સુધી ગણતરી કરવામાં આવશે. આ આવતા મહિનાની પાકતી તારીખે પાકશે, જોકે તે પહેલા ઈએમઆઈ સાથે આવતા મહિના પછી ત્યારપછીના મહિનાની પાકતી તારીખે અલગથી ચાર્જ કરવામાં આવશે (દષ્ટાંતના હેતુસર – લોન 15મી ઑક્ટોબરે ફાળવવામાં આવી છે, અને પાકતી તારીખ દરેક મહિનાની 4થી તારીખ છે અને પહેલા હપ્તાની તારીખ 4 ડિસેમ્બર છે. આ કિસ્સામાં પ્રી–ઈન્સ્ટોલમેંટ વ્યાજ 15 ઑક્ટોબર થી 3 નવેમ્બર સુધી ગણતરી કરાશે અને 4 નવેમ્બર પાકશે. જો કે, પ્રી–ઈએમઆઈ 4 ડિસેમ્બરના રોજ પહેલા ઈએમઆઈ સાથે જ મેળવી લેવામાં આવશે).

દેણદાર મૂળ રકમ, વ્યાજ, ફી, વધારાનું વ્યાજ, અને ચાર્જિસ કરવેરા સહિત લાગુ થાય તેમ અને લોન સમરી શેડ્યૂલ, ચાર્જિસ શીટ તેમ જ એફઆઈસીસીએલની વેબસાઈટ (http://www.fullertonindia.com/about-us/loan-charges.aspx) માં નિર્દિષ્ટ કર્યા મુજબ ભોગવવા અને એફઆઈસીસીએલને ચૂકવવા સહમત થાય છે (એમ માનવામાં આવે છે કે ચાર્જિસ/ફીઝ/કરવેરા કે જે ઉપર જણાવેલ કોઈ પણ દસ્તાવેજમાં અપડેટ કરેલ હોય અને દેણદારને સૂચિત કરેલ હોય તે લાગુ રહેશે) અને જેમાં આ પૂરતા સીમિત ન રહેતા સામેલ છે; પ્રોસેસિંગ ચાર્જિસ (નૉન–રીફંડેબલ), પ્રી–ઈએમઆઈ ઈન્ટરેસ્ટ (જો લાગુ હોય તો), અને અન્ય ચાર્જિસ જેમ કે ચેક બાઉન્સ ચાર્જિસ, ચેક/ઈસીએસ સ્વૅપ ચાર્જિસ, પ્રીપેમેન્ટ / ફોરક્લોઝર ચાર્જિસ તથા એફઆઈસીસીએલની આંતરિક નીતિઓ અનુસાર વખતો વખત લાગુ થતી કોઈપણ ફી અને ચાર્જિર્સ કરવેરા સહિત, કાનૂની ચાર્જિસ અથવા અન્યથા લોન સંદર્ભે ચૂકવવાપાત્ર હોય તે. એફઆઈસીસીએલ ઋણ લેનાર (લેનારાઓ)ને કોઈ જાણ કર્યા વિના ઉપરની ફી/ચાર્જિસમાં ફેરફાર કરવા માટે હકદાર છે. ઉપર જણાવેલા ચાર્જિસ ઉપરાંત ઋણ લેનાર(લેનારાઓ) ગુડ્ઝ અને સર્વિસિઝ ટેક્સ (જીએસટી), ડ્યુટીઝ (સ્ટેમ્પ ડ્યુટી સહિત) અને વેરા (સરકાર અથવા અન્ય સત્તાધિકારી દ્વારા વખતો વખત લાદવામાં આવે તે પ્રમાણે કોઈ પણ) અને (એ) લોન માટેની અરજી અને મંજૂરી અને પુનઃચુકવણી; (બી) વ્યાજ સાથે લોનની વસૂલાત અને ઉપાર્જન; (સી) અમલબજવણીની પ્રક્રિયાઓ જો કોઈ હોય તો તેના અન્ય તમામ કિંમત અને ખર્ચ પણ ઋણ લેનાર (લેનારાઓ) વેઠશે, એફઆઈસીસીએલને ચુકવશે અને ભરપાઈ કરશે. વધારાના વ્યાજની ચુકવણીથી ઋણ લેનાર (લેનારાઓ)ને કરાર હેઠળની ફરજોમાંથી મુક્તિ મળશે નહીં. ઉપર ભલે કોઈ પણ બાબત સામેલ કરવામાં આવી હોય તેમ છતાં પણ ઋણ લેનાર (લેનારાઓ) દ્વારા કોઈ પણ ડિફોલ્ટના કિસ્સામાં એફઆઈસીસીએલ અન્ય તમામ હકો સ્પષ્ટપણે ધરાવે છે. વધારાનું વ્યાજ અન્ય કોઈ ચાર્જિસ ઉપરાંતનું હશે, જેને લોનનાં સંદર્ભમાં ઋણ લેનાર (લેનારાઓ) એફઆઈસીસીએલને ચુકવવા માટે જવાબદાર રહેશે.

ઉપર જણાવેલો વ્યાજનો દર રિડ્યુસિંગ બેલેન્સ (ઘટતી શેષ રકમ) આધારિત વ્યાજનો દર છે. મર્ચન્ટ દ્વારા ચુકવેલા સબવેન્શન (આર્થિક મદદ) અને/અથવા ઋણ લેનાર દ્વારા ચુકવેલા એડવાન્સ ઈએમઆઈને ધ્યાનમાં લઈને રિટર્નનો આંતરિક દર ઉપર સ્પષ્ટ કરેલી હપ્તાની રકમમાં કોઈ ફેરફાર વિના ઊંચો હશે.

પ્રી ઈન્સ્ટોલમેંટ ઈન્ટરેસ્ટ, જો ચૂકવ્યું ન હોય તો તે લોન હેઠળની મૂળ બાકી નિકળતી રકમમાં કૅપિટલાઈઝ કરાશે અને આવું પ્રી ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેંટ વ્યાજ લોનના પહેલા અને/અથવા ત્યારપછીના હપ્તા હેઠળ બાકી રહેતી રકમનો હિસ્સો બનશે. અમુક કિસ્સાઓ કે જેમાં લોન મહિનાના 15મા દિવસ પછી ફાળવી હોય અને પહેલો હપ્તો ચાલુ મહિના પછીના મહિનામાં પાકતો હોય તો પ્રી ઈન્સ્ટોલમેંટ ઈન્ટરેસ્ટ લોનની મૂળ રકમ કે જે ત્યારે ચાલુ મહિનાના હપ્તા હેઠળ બાકી હોય તેમાં કૅપિટલાઈઝ કરાશે અને તેનો હિસ્સો બનશે.

હપ્તો ચાલુ ન થાય ત્યાં સુધી દેણદાર(રો) લાગુ થાય તમે દર મહિને પીઆઈઆઈની માસિક ચૂકવણી કરશે અને પીઆઈઆઈની આવી દરેક માસિક ચૂકવણી એમઆઈડી અથવા લોન ડૉક્યુમેંટ્સમાં નિર્દિષ્ટ કરેલ વ્યાજ દરે રહેશે.

વ્યાજ અથવા વધારાનું વ્યાજ વખતો વખત આપેલી અને બાકી રહેલી લોનની મૂળ રકમ પર પક્ષકારો વચ્ચે સહમતી થયેલ અને લોન ડૉક્યુમેંટ્સમાં જણાવેલ દરે ચાર્જ કરવામાં આવશે.

2.4 **<u>ડિસ્બર્સમેન્ટની વિગતો:</u>** ઋણ લેનાર/લેનારાઓ એફઆઈસીસીએલ દ્વારા લોનનાં ડિસ્બર્સમેન્ટ પહેલા અને તેના માટેની શરત તરીકે એપ્લિકેશન ફોર્મ/એમઆઈટીસીમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે એફઆઈસીસીએલને દસ્તાવેજો જો કોઈ હોય તો તે પૂરા પાડે છે.

લોન એપ્લિકેશન ફોર્મ પ્રાપ્ત કર્યા બાદ એક લમ્પસમ રકમમાં અથવા એફઆઈસીસીએલ દ્વારા નક્કી કર્યા હોઈ શકે તે પ્રમાણેના હપ્તાઓમાં ડિસ્બર્સ થશે. લોન સંપૂર્ણપણે અથવા હપ્તામાં અથવા એફઆઈસીસીએલ દ્વારા નક્કી કર્યા હોઈ શકે એવા અન્ય પ્રકારે ડિસ્બર્સ કરવામાં આવી શકે છે. લોન ઋણ લેનાર દ્વારા નિયુક્ત કરવામાં આવી હોઈ શકે એવી અન્ય કોઈ વ્યક્તિ/ઓને ડિસ્બર્સ કરવામાં આવી શકે છે. આ બાબત એ શરતને આધિન છે કે એફઆઈસીસીએલ દ્વારા ઉપર જણાવેલી નિયુક્ત કરેલી વ્યક્તિ/ઓને જો કોઈ ડિસ્બર્સમેન્ટ કર્યું હોય તો તેઓ લોનના સંબંધમાં ઋણ લેનારની ફરજોને અસર કરશે નહીં અને આ પ્રકારે નિયુક્ત કરેલી વ્યક્તિ/ઓને લોનનાં ડિસ્બર્સમેન્ટને ઋણ લેનારને લોન મંજૂર કરી હોય અને ઉપલબ્ધ કરી હોય એવું માની લેવામાં આવશે. ડિસ્બર્સમેન્ટ ઋણ લેનારના પક્ષમાં યોગ્ય રીતે ક્રોસ કરેલા અને એ/સી પેઈ ઓનલી લખેલા ચેક દ્વારા અથવા રોકડ દ્વારા અથવા પક્ષો વચ્ચે સંમત્તિ થઈ હોય તે અનુસારની અન્ય પદ્ધત્તિ દ્વારા કરવામાં આવશે અને ઋણ લેનાર/લેનારાઓ અથવા તેમની બેંક દ્વારા ચેકને લઈ જવા, ઉઘરાવવા, વસૂલવા માટે થયેલા સમયને ધ્યાનમાં લીધા વિના એફઆઈસીસીએલના પક્ષમાં લોન પરનું વ્યાજ રોકડનાં ડિસ્બર્સમેન્ટની અથવા ચેક જારી કર્યાની અસરકારક તારીખના રોજ અને ત્યારથી એટલે કે બંનેમાંથી જે વહેલા હશે ત્યારથી ઉપાર્જિત થવાનું શરૂ થશે. લોનની રકમ પીઆઈઆઈ, હપ્તાઓ, એડવાન્સ હપ્તાઓ, ફી વગેરે પ્રત્યેની તમામ આરંભિક ચુકવણી બાદ કર્યા પછી ઋણ લેનારને ચુકવવામાં આવશે. ઋણ લેનારને જ્યારે પણ લોન ડિસ્બર્સ કરવામાં આવે ત્યારે ઋણ લેનાર એફઆઈસીસીએલ દ્વારા ઋણ લેનારને ડિસ્બર્સ કરેલી લોનને લગતા એમઆઈટીસીને કરવાનો રહેશે. પ્રત્યેક આવા એમઆઈટીસી અને તેના અન્ય કોઈ સુધારાને લોનની શરતોનો સંકલિત ભાગ હોવાનું માની લેવામાં આવશે. આ કરાર કરી રહેલા ઋણ લેનાર (લેનારાઓ)ના અધિકારીઓ અને તે કરવા માટે પૂર્ણ કરેલા દસ્તાવેજો યથોચિત અને યોગ્ય રીતે ઓફિસમાં હશે અને તેઓ આમ કરવા માટે સંપૂર્ણપણે અધિકૃત્ત હશે. ઋણ લેનાર (લેનારાઓ) આ કરારનો અમલ કરવા, સોંપવા અને બજવણી કરવાની સંપૂર્ણ સત્તા, ક્ષમતા અને અધિકૃત્તતા ધરાવે છે અને તેમણે આ કરારની અધિકૃતિ, અમલ, સોંપણી અને બજવણી માટે તમામ આવશ્યક પગલાં (કોર્ટોપેટ, કાયદેસર અથવા અન્ય) લીધા છે.

પ્રી ઈન્સ્ટોલમેંટ ઈન્ટરેસ્ટ, ડૉક્યુમેંટેશન ચાર્જિસ, ટ્રાન્ઝેક્શન/પ્રોસેસિંગ ચાર્જિસ અને/અથવા અન્ય ખર્ચ, ચાર્જિસ, શૂલ્ક, ખર્ચા અને ચાર્જિસ જે લોન હેઠળ અથવા તેના સંદર્ભમાં હોય તે લોન માંથી બાદ કરી લેવામાં આવશે અને આવી ફીઝ/ચાર્જિસ બાદ કર્યા પછીની લોનની ચોખ્ખી રકમ જ દેણદાર(રો)ને આપવામાં આવશે.

જો ગ્રાહક એફઆઈસીસીએલ દ્વારા જારી કરાયેલ ડિસ્બર્સમેંટ ચેક તે જારી કરાયાની તારીખથી 45 દિવસની અંદર ન વટાવી લે (એનકૅશ કરે) તો, એફઆઈસીસીએલ ફાળવણીની તેની વચનબદ્ધતા રદ કરવાનો બિનશરતી અધિકાર ધરાવશે.

## 3. ચુકવણી, પૂર્વચુકવણી અને અન્ય ચાર્જિસઃ

3.1 દેણદાર(રો) લોન હેઠળની બધી જ બાકી રહેતી રકમો એફઆઈસીસીએલને હપ્તાઓની એ સંખ્યામાં, અને આ રકમના આ હપ્તા/ઓમાં અને એમઆઈટીસીમાં જણાવેલ હપ્તાની પાકતી તારીખ(ખો) એ પાછી ચૂકવશે (કરારના હાર્દમાં રહેલો સમય); એફઆઈસીસીએલ લોન પરના વ્યાજ દરમાં ફેરફારના કિસ્સામાં દેણદારની સંમતિ સાથે હપ્તાઓમાં ફેરફાર/સુધારો કરવા હકદાર રહેશે. અભિવ્યક્તિ હપ્તા લોનની મૂળ રકમ અને તેના પરના વ્યાજ એમ બંનેના બનેલા હશે. લોન માગણી કરવામાં આવે ત્યારે તત્કાળે પુનઃચુકવવા પાત્ર હશે અને તે અનુસાર લોન માટેનાં પુનઃચુકવણીનાં સમયપત્રકને ધ્યાનમાં લીધા વિના એફઆઈસીસીએલ લોનનાં અનુસંધાનમાં વ્યાજ સહિત અન્ય તમામ ચુકવવાની બાકી રહેતી રકમની સાથે લોન હેઠળ ચુકવવાની રહેતી બાકીની સમગ્ર રકમને માગણી કરવામાં આવે ત્યારે તત્કાળે ચુકવણી કરવાનો અધિકાર ધરાવે છે.

3.2 ઋણ લેનાર લોનનાં અનુસંધાનમાં નીચે આપેલી કોઈ પણ એક પ્રદ્ધત્તિ મારફતે લોન અને અન્ય નાણાંની પુનઃચુકવણી કરી શકે છે – પોસ્ટ ડેટેડ ચેક્સ (પીડીસી પદ્ધત્તિ) / આરબીઆઈ દ્વારા જાહેર કર્યા પ્રમાણેની ઈલેક્ટ્રોનિક ક્લિઅરિંગ સિસ્ટમ (ડેબિટ ક્લિઅરિંગ) (ઈસીએસ પદ્ધત્તિ) / એફઆઈસીસીએલમાં ઋણ લેનાર/લેનારાઓનાં બેંકનાં ખાતામાંથી સીધુ ડેબિટ (ડાઈરેક્ટ ડેબિટ પદ્ધત્તિ) / ઋણ લેનાર/લેનારાઓના પગારમાંથી ડિડક્શન (સેલેરી ડેબિટ પદ્ધત્તિ) / રોકડ અથવા ચેક દ્વારા રોકડની સીધી ચુકવણી દ્વારા / એફઆઈસીસીએલને ચુકવણી કરવાની બાકી હોય ત્યારે ડ્રાફ્ટ (ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડના નામમાં ઈશ્યુ કરેલા) (ડાઈરેક્ટ પેમેન્ટ પદ્ધત્તિ) / પક્ષો દ્વારા નક્કી કરી હોઈ શકે એવી અન્ય કોઈ પદ્ધત્તિ દ્વારા. એફઆઈસીસીએલ તેની એક માત્ર મનસૂફીમાં ઋણ લેનાર/લેનારાઓને ચુકવણીની અન્ય વૈકલ્પિક પદ્ધત્તિ અપનાવવા અથવા તેમાં ફેરબદલ કરવાનું આવશ્યક બનાવી શકે છે અને ઋણ લેનાર/લેનારાઓએ વાંધો ઉઠાવ્યા વિના અથવા વિલંબ કર્યા વિના આ વિનંતીને અનુસરવાની રહેશે. ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એમઆઈટીસીમાં પસંદ કર્યા પ્રમાણેની ચુકવણીની પદ્ધત્તિ અથવા ચુકવણીની કોઈ પદ્ધત્તિ હેઠળ ઋણ લેનાર/લેનારાઓ દ્વારા આપવામાં આવેલા ફરમાનને એફઆઈસીસીએલની પૂર્વ સંમત્તિ વિના ઋણ લેનાર/લેનારાઓ દ્વારા રદ કરી શકાય નહીં કે પાછા ખેંચી શકાય નહીં. જો ઋણ લેનાર/લેનારાઓ એફઆઈસીસીએલની પૂર્વ સંમત્તિ વિના આ પ્રકારના આદેશને રદ કરે અથવા પાછા ખેંચે (અથવા રદ કરવા કે પાછા ખેંચવાનો પ્રયત્ન કરે) તો ઋણ લેનાર/લેનારાઓની આ પ્રકારની ક્રિયા ગુનાહિત ઉદ્દેશની સાથે કરી હોવાનું માની લેવામાં આવશે અને એફઆઈસીસીએલ ઋણ લેનાર/લેનારાઓની સામે યોગ્ય ફોજદારી કાર્યવાહી આરંભવા માટે હકદાર રહેશે. ઋણ લેનાર/લેનારાઓ સ્વીકારે છે કે પુનઃચુકવણીની ઈસીએસ/એસીએચ પદ્ધત્તિ એફઆઈસીસીએલના પક્ષમાં જારી કરેલા પીડીસીથી ઉપર રહેશે.

3.3 ઋણ લેનાર/લેનારાઓ કોઈ વાંધો ઉઠાવ્યા કે વિલંબ કર્યા વિના એફઆઈસીસીએલને થયેલા, સહેલા અથવા વહોરેલા હોય અથવા (એ) લોન માટેની અરજી અને મંજૂરી અને પુનઃચુકવણી, (બી) એપ્લિકેશન ફોર્મ, લોનની શરતો અને/અથવા અન્ય કોઈ લોનના દસ્તાવેજો, (સી) ઋણ લેનારની બાકી ચુકવણીની વસુલાત અને પ્રાપ્તિ કે જેને જો અને જ્યારે જે તે સમયે અમલી હોય એવા કાયદાઓ અનુસાર ચુકવવા આવશ્યક હોય તો તેને સંબંધિત/તેના પર સરકારી કે અન્ય કોઈ સત્તાધિકારી દ્વારા વખતો વખત લાદેલા હોઈ શકે એવા લાગુ થવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટી, વેરા અને ચાર્જિસ સહિત, પરંતુ તેને મર્યાદિત ન હોય એવા કોઈ પણ જાતના અથવા પ્રકારના નુકસાન, હાનિ, મૂલ્ય, ચાર્જિસ, દાવા, ખર્ચ અને કોઈ પણ પ્રકારની જવાબદારી ઉઠાવશે, એફઆઈસીસીએલને ચુકવણી/ભરપાઈ કરશે.

3.4 એમઆઈટીસીમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે લોનનાં ડિસ્બર્સમેન્ટ અગાઉ (અથવા એફઆઈસીસીએલ દ્વારા સ્પષ્ટ કર્યું હોઈ શકે એ પ્રમાણે અન્ય કોઈ સમયે) એફઆઈસીસીએલને (અથવા તેના નોમિનીને) ઋણ લેનાર/ લેનારાઓ દ્વારા ચુકવવામાં આવતા એડવાન્સ હપ્તાઓની સંખ્યા પાછલા હપ્તાઓની ચુકવણી અથવા એફઆઈસીસીએલ દ્વારા નક્કી કર્યા પ્રમાણે અન્ય કોઈ રીતે મેળ સાધીને ગોઠવવામાં આવશે. એફઆઈસીસીએલ એડવાન્સ હપ્તાઓ પર કોઈ વ્યાજ ચુકવવા માટે જવાબદાર રહેશે નહીં અથવા આ પ્રકારના એડવાન્સ હપ્તાથી ઋણ લેનાર/લેનારાઓનાં લોનનાં ખાતા પર ચાર્જ થવા પાત્ર વ્યાજને ઘટાડશે નહીં.

3.5 ઋણ લેનાર/લેનારાઓ કોઈ ડિફોલ્ટ વિના અથવા કોઈ ભરપાઈ કરવાનો દાવો અથવા પ્રતિદાવો કર્યા વિના હપ્તાઓ અને અન્ય ચાર્જિસની સંપૂર્ણ ચુકવણી રકમની ચુકવણી કરવાની હોય તે સંબંધિત તારીખો પર કરવાની રહેશે. ઋણ લેનાર/લેનારાઓને નિયત તારીખના રોજ હપ્તાઓની ચુકવણી કરવાની તેમની ફરજ અંગે કોઈ નોટિસ, જાણ અથવા રિમાઈન્ડર આપવામાં આવશે નહીં.

3.6 ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એફઆઈસીસીએલને કરવામાં આવેલી તમામ ચુકવણી કોઈ પણ વેરાના ડિડક્શન માટે અને તેના પગલે કોઈ પણ ડિડક્શનથી મુક્ત અને તેના વિનાની અને તે સિવાયની હોવી જોઈએ. જો ઋણ લેનાર/લેનારાઓએ આ પ્રકારનું કોઈ ડિડક્શન કરવાની આવશ્યકતા રહે તો આવા કિસ્સામાં એફઆઈસીસીએલને ચુકવવા પાત્ર રકમ એટલી હદ સુધી વધારીને સુનિશ્ચિત કરવાનું રહેશે કે એફઆઈસીસીએલ જો આવા ડિડક્શન કરવામાં ન આવે અથવા તે કરવા આવશ્યક ન હોય ત્યારે તેને જે રકમ પ્રાપ્ત થઈ હોત તેટલી રકમ આ પ્રકારનાં ડિડક્શન કર્યા બાદ પ્રાપ્ત કરશે અને જાળવશે (આ પ્રકારના ડિડક્શનની કોઈ જવાબદારી વિના).

3.7 ઋણ લેનાર (લેનારાઓ) અહીં સ્પષ્ટપણે સંમત થાય છે કે એફઆઈસીસીને ચુકવવાની બાકી રહેતી રૂ. 2 લાખ કે તેથી વધુની તમામ ચુકવણી આવકવેરા અધિનિયમ, 1961 હેઠળ પ્રાપ્તિ પરના પ્રતિબંધનને અનુસરીને રોકડ સિવાયની પદ્ધત્તિમાં કરવાની રહેશે. જેમાં આ પ્રકારની રોકડ એફઆઈસીસીના બેંક ખાતા(ઓ)માં સીધી જમા કરવામાં આવે છે ત્યાર પછી એફઆઈસીસી આવકવેરા અધિનિયમ, 1961 પ્રમાણે ચુકવવાની બાકી રહેતી ચુકવણી માટે એપ્રોપ્રિએશન વિના આવી રકમને સરકારને સીધી ચુકવવા માટે અધિકૃત્ત હોય છે.

3.8 લોનની શરતો અથવા લોનના દસ્તાવેજોમાં કોઈ બાબત સામેલ હોય તેમ છતાં પણ અને એમઆઈટીસીમાં ઋણ લેનાર/લેનારાઓ દ્વારા પસંદ કરેલી ચુકવણીની પદ્ધત્તિને ધ્યાનમાં લીધા વિના લોનને લગતી ચુકવણીની નિયત તારીખના રોજ ઋણ લેનાર/લેનારાઓ એક અથવા વધુ હપ્તાની ચુકવણીમાં ડિફોલ્ટ થાય અથવા એફઆઈસીસીએલને ચુકવણીની નિયત તારીખના રોજ હપ્તાઓ પ્રાપ્ત ન થાય ત્યારે એફઆઈસીસીએલ લોનની શરતો હેઠળ તેના અન્ય હકોથી પૂર્વગ્રહ વિના લોનના સંબંધમાં ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એફઆઈસીસીએલના પક્ષમાં જો જારી કરવામાં આવ્યા હોય તો એવા પોસ્ટ ડેટેડ ચેક્સ રજૂ કરવા અને/અથવા પુનઃરજૂ કરવા માટે હકદાર બનશે.

ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એમઆઈટીસીમાં પસંદ કરેલી ચુકવણી/પુનઃચુકવણીની પદ્ધત્તિને ધ્યાનમાં લીધા વિના એફઆઈસીસીએલ જો કોઈ પણ કારણોસર ઈલેક્ટ્રોનિક ક્લિઅરિંગ સિસ્ટમ (ડેબિટ) મારફતે હપ્તાઓ અથવા ચુકવવાની રહેતી અન્ય કોઈ રકમ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જશે એવા કિસ્સામાં તેને યોગ્ય અથવા આવશ્યક લાગી શકે તે પ્રમાણે ચુકવણીની માગણી કરવા અને હપ્તાઓ તથા એમઆઈટીસીમાં વ્યક્ત કર્યા પ્રમાણે ઋણ લેનાર/લેનારાઓની બાકી ચુકવણીને સમાવતી અન્ય તમામ રકમની, અથવા ઋણ લેનાર દ્વારા સુપરત કરેલા જો કોઈ પોસ્ટ–ડેટેડ ચેક્સ હોય તો તેને, આરબીઆઈની ઈલેક્ટ્રોનિક ક્લિઅરિંગ સિસ્ટમ (ડેબિટ) મારફતે, એફઆઈસીસીએલના પક્ષમાં ઋણ લેનાર/લેનારાઓ દ્વારા જો જારી કરવામાં આવ્યા હોય એવા પોસ્ટ ડેટેડ ચેક્સ રજૂ કરવા/પુનઃરજૂ કરવાને બદલે આપમેળે અથવા તેના માટે પરવાનગી ધરાવતી અન્ય કોઈ વ્યક્તિ મારફતે અથવા હપ્તા અને ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી ચુકવણીને સમાવતી અન્ય તમામ રકમની ચુકવણી અથવા પુનઃચુકવણીની અન્ય કોઈ પદ્ધત્તિ અથવા રીતનો ઉપયોગ કરીને વસૂલાત કરવા માટે હકદાર હશે અને આ બાબત એફઆઈસીસીએલના આવા હક લોનની શરતો હેઠળ તેના અન્ય હકોથી પૂર્વગ્રહ વિનાના હોય તે શરતને આધિન છે (પોસ્ટ–ડેટેડ ચેક્સની પુનઃરજૂઆત કરવાના હક સહિત).

3.9 ઋણ લેનાર/લેનારાઓ એ સુનિશ્ચિત કરવા માટે હંમેશાં તેમના/તેણીના/તેઓનાં બેંકનાં ખાતા/ઓમાં પૂરતું ભંડોળ જાળવી રાખશે કે ઋણ લેનાર/લેનારાઓ દ્વારા જો કોઈ જારી કરવામાં આવ્યા હોય તો એવા ચેક્સ અથવા પોસ્ટ ડેટેડ ચેક્સનો અસ્વીકાર ન થાય અને એફઆઈસીસીએલ દ્વારા લાગુ ચુકવણીની નિયત તારીખ(ખો) પહેલા હપ્તાઓ પ્રાપ્ત/ઉપાર્જિત થાય.

3.10 એમઆઈટીસીમાં ઋણ લેનાર/લેનારાઓ દ્વારા પુનઃચુકવણી/ચુકવણીની પદ્ધત્તિને પસંદ કરી હોય તેમ છતાં પણ ઋણ લેનાર/લેનારાઓ એફઆઈસીસીએલને એફઆઈસીસીએલ દ્વારા કોઈ નોટિસ આપ્યા/ જાણ કર્યા વિના લોનનાં અનુસંધાનમાં તમામ હપ્તાઓ અને અન્ય તમામ નાણાંઓની ચુકવણી/પુનઃચુકવણીને સુનિશ્ચિત કરવા માટે હંમેશાં બંધાયેલા અને જવાબદાર રહેશે અને ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એફઆઈસીસીએલને ચુકવવા પાત્ર આ તમામ રકમ કોઈ ડિડક્શન્સ વિના એફઆઈસીસીએલ દ્વારા સ્પષ્ટ કર્યાં હોય એવા સ્થળ/ળો ખાતે ચુકવવાની રહેશે, જેથી એફઆઈસીસીએલ સંબંધિત ચુકવણીની નિયત તારીખ(ખો)ના રોજ અથવા તે પહેલા ચુકવવાની બાકી રહેતી ચુકવણીને સંપૂર્ણપણે પ્રાપ્ત કરી શકશે. કોઈ પણ પદ્ધત્તિ દ્વારા ચુકવણી માટે ક્રેડિટ પ્રાપ્તિ થયાના દિવસે અથવા સંબંધિત નિયત તારીખ(ખો) એટલે કે બંનેમાંથી જે કોઈ પછી આવતું હોય માત્ર ત્યારે આપવામાં આવશે. એફઆઈસીસીએલ દ્વારા કોઈ એવા સમયે સંપૂર્ણ હપ્તા અથવા ચુકવવાની બાકી રહેતી અને લેવાની બાકી રહેતી હોય એવી રકમ કરતા ઓછી રકમની ચુકવણીની સ્વીકૃત્તિમાં કોઈ અન્ય સમયે અથવા ત્યાર પછીના સમયે સંપૂર્ણ ચુકવણી પ્રાપ્ત કરવાના એફઆઈસીસીએલના હક અને લોનની શરતો હેઠળ એફઆઈસીસીએલના અન્ય કોઈ હકોને જતા કરવાની બાબતને સામેલ કરશે નહીં.

3.11 ઋણ લેનાર/લેનારાઓ લોનની (અથવા ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી રકમના કોઈ હિસ્સાની) ચુકવણી કરવાની બાકી હોય ત્યાં સુધી પોસ્ટ–ડેટેડ ચેક્સ/ઈસીએચ/એનએસીએચ ફરમાનનાં અનુસંધાનમાં તેને રદ કરવા અથવા સ્ટોપ–પેમેન્ટ સૂચના જારી કરવા માટે હકદાર નહીં બને અને ઋણ લેનાર/લેનારાઓની આ પ્રકારની ક્રિયા એફઆઈસીસીએલ સાથે છેતરપિંડી કરવાના ઈરાદા સાથે અને નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881 હેઠળના કાયદેસરનાં પગલાંને ટાળવા માટે કરવામાં આવી હોય એવું માનવામાં આવશે અને એફઆઈસીસીએલ ઋણ લેનાર/લેનારાઓની સામે યોગ્ય ફોજદારી કાર્યવાહી આરંભવા માટે હકદાર હશે.

3.12 જો એફઆઈસીસીએલ કોઈ કારણોસર ચેક્સ રજૂ કરવામાં/ ડેબિટ સૂચનાઓ જારી કરવામાં કોઈ મુશ્કેલી/પ્રતિકુળતા/અવરોધનો સામનો કરી રહી હોય તો અથવા જો એફઆઈસીસીએલને તેની એક માત્ર મનસૂફીમાં કોઈ પણ સમયે આવશ્યક લાગે તો ઋણ લેનાર/લેનારાઓ પોસ્ટ–ડેટેડ ચેક્સને અને/અથવા હપ્તાઓની ચુકવણી માટેના ફરમાન, કરાર અને/અથવા પૂર્ણ કરેલા અન્ય દસ્તાવેજોને ત્વરિત બદલશે અને એફઆઈસીસીએલની સંતુષ્ટિ માટે તેના બદલે નવા પોસ્ટ–ડેટેડ ચેક્સ, ફરમાન, કરારો અને/અથવા અન્ય દસ્તાવેજો જારી કરશે.

3.13 ઋણ લેનાર/લેનારાઓ રિફંડ ન થઈ શકે એવી વહેવાર/પ્રોસેસિંગની અપફ્રન્ટ ફી અને લાગુ થવા પાત્ર હોય એવા અન્ય ચાર્જિસ ચુકવશે.

3.14 દેણદાર(રો) એફઆઈસીસીએલને લોન મુદત પહેલા ચૂકવી દેવાનો (પ્રીપે) તેનો ઈરાદો વ્યક્ત કરતી 30 દિવસની લેખિત સૂચના આપીને પૂરી લોન મુદત પહેલા ચૂકવી શકે છે, આવી મુદત પૂર્વે કરાયેલી કોઈપણ ચૂકવણી ચાર્જ શીટમાં તેમ જ દેણદાર(રો) અને એફઆઈસીસીએલ વચ્ચે આ બાબતે સહમતી થયેલ નિયમો અને શરતોમાં નિર્દિષ્ટ કરાયેલ આવા પ્રીપેમેન્ટ/ફોરક્લોઝર ચાર્જિસની ચૂકવણીને આધીન કરવામાં આવી હોઈ જોઈએ. એફઆઈસીસીએલ લોનની પૂર્વચુકવણી માટે ઋણ લેનાર પાસેથી પૂર્વચુકવણીની ફી/ચાર્જ વસૂલવા માટે હકદાર છે. લાગુ થવા પાત્ર કાયદા/નિયમનો હેઠળ મંજૂરી ધરાવતા કિસ્સાઓ સિવાય જ્યાં સુધી એફઆઈસીસીએલની સંતુષ્ટિમાં ઋણ લેનાર પ્રથમ છ (6) ઈએમઆઈ સંપૂર્ણપણે ચુકવે નહીં ત્યાં સુધી કોઈ આંશિક પૂર્વચુકવણીઓ / ફોરક્લોઝર્સ કરવાની મંજૂરી મળશે નહીં. ઋણ લેનાર એડવાન્સમાં હપ્તા ચુકવવા માટે પણ હકદાર બનશે; જોકે એફઆઈસીસીએલ એડવાન્સ હપ્તા પર કોઈ વ્યાજ ચુકવવા માટે જવાબદાર રહેશે નહીં. ઋણ લેનાર/લેનારાઓ એફઆઈસીસીએલની મંજૂરી વિના (જેની મંજૂરી એફઆઈસીસીએલ દ્વારા આવશ્યક બનાવેલા નિયમો અને શરતોને આધિન આપવામાં આવી શકે છે, જેમાં લઘુત્તમ પૂર્વચુકવણીની રકમની ચુકવણી, પૂર્વચુકવણીના ચાર્જિસ અથવા ડિસ્કાઉન્ટેડ વ્યાજ અને/અથવા અન્ય કોઈ ચાર્જિસ, વત્તા લાગુ થવા પાત્ર વ્યાજ, વેરા અથવા અન્ય કાયદેસરની લેવીનો સમાવેશ થાય છે) ચુકવણીની નિયત તારીખો પહેલા ચુકવવાની બાકી રહેતી લોનની મુખ્ય રકમની સાથે તમામ ચુકવવાના બાકી રહેતા વ્યાજ અને અન્ય ચાર્જિસ તથા તેના પર ચુકવવા પાત્ર હોય એવા નાણાંની સંપૂર્ણ અથવા આંશિક પૂર્વચુકવણી કરશે નહીં. એફઆઈસીસીએલ દ્વારા લોનની કોઈ આંશિક પૂર્વચુકવણી કરવાની મંજૂરી આપવામાં આવી હોય એવા કિસ્સામાં એપ્લિકેશન ફોર્મ/એમઆઈટીસીમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે પુનઃચુકવણીનાં સમયપત્રક/હપ્તા(ઓ)ની રકમ એફઆઈસીસીએલ દ્વારા સુધારવામાં આવશે અને ઋણ લેનાર/લેનારાઓ ત્યાર પછી આવા સુધારેલા સમયપત્રક અનુસાર હપ્તાઓની ચુકવણી કરશે. આ પ્રકારની પૂર્વચુકવણી રોકડ પ્રાપ્ત થયા પછી અથવા આવી પૂર્વુચુકવણી માટે ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એફઆઈસીસીએલનાં પક્ષમાં જારી કરેલા ચેક્સ ક્લિઅર થયા પછી જ અમલી થશે. લોનની બાકી રહેતી ચુકવણી અને એફઆઈસીસીએલ દ્વારા ચાર્જ કરેલા પૂર્વચુકવણીના ચાર્જિસ ઋણ લેનાર પાસેથી પ્રાપ્ત થાય માત્ર ત્યારે જ લોન ડિસ્ચાર્જ થયેલી અને સંપૂર્ણ પુનઃચુકવેલી ગણાશે.

3.15 જો દેણદાર(રો) કોઈ હપ્તાઓ અથવા અન્ય કોઈ રકમો જેમાં એફઆઈસીસીએલને સંબંધિત પાકતી તારીખ(ખો)એ દેણદાર(રો)ની પાકતી રકમ સામેલ હોય, તો દેણદાર(રો) અરજી પત્રક/ એમઆઈટીસીમાં નિર્દિષ્ટ દરે વધારાનું વ્યાજ (વત્તા લાગુ થતો વ્યાજ કર અન્ય કાનૂની શૂલ્ક) આવી બધી જ બાકી નીકળતી/ન ચૂકવેલી રકમો પર સુસંગત પાકતી તારીખથી આવી રકમ પૂરેપૂરી ચૂકવી દેવામાં આવે એ તારીખ સુધી ચૂકવવા જવાબદાર રહેશે. આવું વધારાનું વ્યાજ એમઆઈટીસીની શરતો મુજબ દેણદાર(રો) એફઆઈસીસીએલને ચૂકવવા જવાબદાર હોય એવાં અન્ય ચાર્જિસ ઉપરાંત રહેશે. આવું વધારાનું વ્યાજ સંબંધિત પાકતી તારીખોથી આ રકમ પૂરેપૂરી ચૂકવી દેવામાં આવે એ તારીખ સુધી ગણતરી કરવામાં આવશે. ઉપર નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો વ્યાજ દર વાજબી છે અને દેણદાર(રો) દ્વારા કોઈ રકમ ન ચૂકવવાના કિસ્સામાં એફઆઈસીસીએલને અપેક્ષિત નુકસાનનું જેન્યુઈન પૂર્વાનુમાન દર્શાવે છે.

3.16 વ્યાજ, વધારનું વ્યાજ વચનબદ્ધતા ફી/ચાર્જિસ, વધુ વ્યાજ અને અન્ય બધાં ચાર્જિસ રોજેરોજના ધોરણે જમા થશે અને એફઆઈસીસીએલ દ્વારા તેની મુનસફીએ નિર્ણય કરાય તેમ ગણતરી કરાશે, જે 1/12 અપ્લાઈડ મંથલી ધોરણે અથવા વર્ષના 360 દિવસો અને દિવસો વીતાવ્યાની વાસ્તવિક સંખ્યા આધારે હોઈ શકે છે.

3.17 માસિક હપ્તાની રકમને પછીની ઊંચી પૂર્ણાંક સંખ્યા સુધી રાઉન્ડ ઓફ કરવામાં આવે છે.

3.18 લોનની શરતો હેઠળ લોનનાં અનુસંધાનમાં ચુકવવા પાત્ર હોય એવી કોઈ રકમની બાબતમાં ચુકવણીની નિયત તારીખ જો ચુકવણી કરવામાં આવતી હોય એ સ્થળે કાર્યનો દિવસ ન હોય એવા દિવસે આવતી હોય તો તેના પહેલા તરત આવતો કાર્યનો દિવસ આ પ્રકારની ચુકવણી માટેની નિયત તારીખ ગણાશે.

3.19 ઋણ લેનાર/લેનારાઓએ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ હેઠળ તમામ વ્યાજ વેરા, સર્વિસ ટેક્સ, વેરાઓ, સરકાર અથવા અન્ય કોઈ સત્તાધિકારી દ્વારા વખતો વખત લાદવામાં આવી શકે એવી અન્ય તમામ જકાતો, ડ્યુટીઝ (સ્ટેમ્પ ડ્યુટી અને લાગતા વળગતા નોંધણી અને ફાઈલિંગ ચાર્જિસ અને કોઈ પણ પ્રકારના વેરા સહિતની) અને (એ) લોન માટેની અરજી અને મંજૂરી અને પુનઃચુકવણી, (બી) એપ્લિકેશન ફોર્મ, આ સામાન્ય નિયમો અને શરતો અને/અથવા લોનના કોઈ દસ્તાવેજ, (સી) ઋણ લેનારની બાકી ચુકવણીની વસુલાત અને પ્રાપ્તિ અને (ડી) એફઆઈસીસીએલના એડવોકેટની ફીઝ અને ઉપર જણાવેલ કોઈપણ માટે થયેલ ખર્ચાઓ. દેણદાર(રો) સ્વીકૃત કરે છે કે ગુડ્સ ઍન્ડ સર્વિસીસી (જીએસટી) પર ટૅક્સ રજિસ્ટ્રેશનની આપેલી માહિતી અને જણાવેલ રજિસ્ટ્રેશન નંબર સાચો અને ખરો છે. દેણદાર(રો) વધુમાં સમજે છે કે જો તેનો/તેણીનો/તેમનો જીએસટી રજિસ્ટ્રેશન નંબર ન જણાવવામાં આવે અથવા તે ખોટો હોય તો જીએસટી ઑથોરિટી તેમને/અમને ચાર્જિસ પર જીએસટી માટે જીએસટી ઈનપુટ ક્રેડિટ ન પણ મંજૂર કરે.

3.20 ઋણ લેનાર/લેનારાઓ ઉપર જણાવેલા નાણાં ચુકવવામાં નિષ્ફળ જાય એવા કિસ્સામાં એફઆઇસીસીએલ તે ચુકવવા માટે સ્વતંત્રતા ધરાવેશે (પરંતુ તેના માટે બંધાયેલી નહીં હોય). ઋણ લેનાર/લેનારાઓ તેમાં સમાવિષ્ટ જોગવાઇઓ અનુસાર એફઆઇસીસીએલ દ્વારા ચુકવેલી આ તમામ રકમની ભરપાઇ કરશે. ઋણ લેનાર/લેનારાઓ લોનના સંબંધમાં એફઆઇસીસીએલ દ્વારા ચુકવેલી તમામ રકમ અને/અથવા તેને થયેલા ખર્ચને (તેમના પ્રતિનિધિઓ / કન્સલ્ટન્ટ્સ / આકારણી કરનારાઓ દ્વારા અથવા તેમના પક્ષ સહિત) એફઆઇસીસીએલની માગણી કરતી નોટિસ મળે તે તારીખથી 7 દિવસની અંદર ભરપાઇ કરશે. આવી તમામ રકમ એમઆઇટીસીમાં સ્પષ્ટ કરેલા આગળના વ્યાજના દરે ચુકવણીની તારીખથી ભરપાઇ કરવામાં આવી હોય તે તારીખ સુધીનું વ્યાજ ધરાવશે.

3.21 ઈન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, 1872ની કોઇ પણ જોગવાઇઓ અથવા અન્ય લાગુ થવા પાત્ર કાયદા, અથવા લોનની શરતો અને/અથવા અન્ય લોનના દસ્તાવેજોમાં સામેલ હોય તેનાથી વિસંગત કોઇ પણ નિયમો અને શરતો હોય તેમ છતાં પણ લોનની શરતો અને/અથવા ઋણ લેનાર/લેનારાઓ અને એફઆઇસીસીએલ વચ્ચે થયેલા અન્ય કોઇ કરાર હેઠળ અને ક્લોઝ 3.24માં ઉલ્લેખ કરેલી શરતો અનુસાર કોઇ પણ રીતે ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એફઆઇસીસીએલને ચુકવવા પાત્ર હોય એવી ચુકવણી માટે લોનની શરતો અને/અથવા લોનના દસ્તાવેજો અનુસાર ઋણ લેનાર/લેનારાઓ દ્વારા કરવામાં આવેલી કોઇ ચુકવણીને અને જામીનગીરી અથવા અન્ય કોઇની અમલબજવણી કરીને એફઆઇસીસીએલ દ્વારા પ્રાપ્ત કરેલી કોઇ રકમને એફઆઇસીસીએલ તેની એક માત્ર મનસૂફીમાં એપ્રોપ્રિએટ કરી શકે છે. ઋણ લેનાર/લેનારાઓ અને એફઆઇસીસીએલ વચ્ચેના અન્ય કોઇ કરારો હેઠળ ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એફઆઇસીસીએલને ચુકવવા પાત્ર હોય એવી કોઇ ચુકવવાની બાકી રહેતી રકમની પતાવટ માટે એફઆઇસીસીએલ દ્વારા આ પ્રકારના કોઇ એપ્રોપ્રિએશન કર્યા હોવા છતાં પણ ઋણ લેનાર/લેનારાઓ એફઆઇસસીએલને ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી ચુકવણીને સમાવતી તમામ ન ચુકવેલી/બાકી રહેતી રકમ ચુકવવા માટે જવાબદાર હોવાનું જારી રહેશે.

3.22 ઋણ લેનાર કબૂલે છે અને પુષ્ટિ કરે છે કે તેઓ/તેણી/તે માહિતગાર છે અને સ્વીકારે છે કે લોનને લગતી અરજી અને/અથવા દસ્તાવેજીકરણના સમયે એફઆઇસીસીએલને ઋણ લેનાર દ્વારા ચુકવેલ લાગુ થવા પાત્ર વેરા સાથેની તમામ ફી, વેરા વગેરે ધિરાણકર્તાને થયેલા અથવા થનારા એક વખતના મૂલ્ય અને/અથવા ખર્ચ છે, જેમાં લોનના સંબંધમાં સોર્સિંગ, ખરાઇ અને કાનૂની ખર્ચનો સમાવેશ થાય છે, પરંતુ તે તેને મર્યાદિત નથી. લોનના ચુકવવા પાત્ર કોઇ ચાર્જિસ અથવા શરતો એફઆઇસીસીએલ દ્વારા તેની એક માત્ર મનસૂફીમાં જતા કરવામાં આવી શકે છે અને એફઆઇસીસીએલનો નિર્ણય આખરી અને ઋણ લેનાર દ્વારા આશ્રય લીધા વિનાનો હશે. ઋણ લેનાર વધુમાં સમજે છે, જાહેર કરે છે અને પુષ્ટિ કરે છે કે એફઆઇસીસીએલ સર્વિસિઝની જોગવાઇ અથવા ઇન્વોઇસ ઊભા કરવાના સંબંધમાં ઋણ લેનાર દ્વારા પૂરા પાડવામાં આવેલા આવા દસ્તાવેજો, માહિતી અને વિગતો (સંપૂર્ણ નામ અને ઋણ લેનારનાં સ્થળ માટેનાં સરનામાં, ઋણ લેનારની નોંધણીની વિગતો, વેરામાંથી છૂટ અથવા તેને ઘટાડવા માટેના દાવા વગેરે સહિત) પર ભરોસો રાખશે. જોકે જો ઋણ લેનાર દ્વારા પૂરી પાડવામાં આવેલી આવી માહિતી પર એફઆઇસીસીએલ ભરોસો રાખતી હોવાને લીધે ઊભા થયેલા વેરા માટેના દાવાઓ પછીથી એફઆઇસીસીએલ પર કરવામાં આવે તો એફઆઇસીસીએલ ઋણ લેનાર પાસેથી આવા તમામ વેરા વસુલવાનો હક ધરાવશે.

3.23 ઉપરના કરારમાં ઉલ્લેખ કરેલી શરતોને ધ્યાનમાં લીધા વિના એફઆઇસીસીએલ તેની એક માત્ર મનસૂફીમાં તે પોતાના સંમતિથી અથવા ઋણ લેનાર (લેનારાઓ)ની લેખિતમાં કરેલી વિનંતીથી લોનની અવધિ /શરતો દરમિયાન ઋણ લેનારાઓને ત્રણ પેમેન્ટ હોલિડે મંજૂરી કરી શકે છે, જેને પગલે એમઆઇટીસીમાં ઉલ્લેખ કરેલી ચુકવણીની નિયત તારીખના રોજ હપ્તાની કરવાની રહેતી ચુકવણીને આગામી ચુકવણીની નિયત તારીખે કેરી ફોરવર્ડ કરવામાં આવશે. એક વખત આ સુવિધા મંજૂર કરવામાં આવે ત્યારે લોનની અવધિ/મુદ્દત મંજૂર કરેલી પેમેન્ટ હોલિડે અને/અથવા અન્યની સંખ્યાનાં અનુસાર વધારાના મહિનાઓની પ્રમાણસરની સંખ્યા દ્વારા આપમેળે લંબાશે. કરારમાં ઉલ્લેખ કરેલા અથવા એફઆઇસીસીએલના સંવાદમાં જણાવેલા લાગુ થવા પાત્ર વ્યાજ અને અન્ય ચાર્જિસ આ સુવિધા માટે લાગુ થશે. જોકે એક વખત આ સુવિધા એફઆઇસીસીએલ દ્વારા તેની એક માત્ર મનસૂફીમાં મંજૂર કરવામાં આવી હોય ત્યારે મોડી ચુકવણીના ચાર્જિસ લાગુ થશે નહીં. આ ઉપરાંત ડિફોલ્ટની ઘટનામાં આ બાબત એવી નહીં હોય. લાગુ થવા પાત્ર ગુડ્ઝ અને સર્વિસિઝ પરના વેરા લાગુ થશે. એફઆઇસીસીએલ દ્વારા તેની એક માત્ર મનસૂફીમાં એક વખત પેમેન્ટ હોલિડે સુવિધાને મંજૂરી આપવામાં આવે ત્યાર પછી ઋણ લેનાર સમજે છે કે એમઆઇટીસી/પુનઃચુકવણીનાં સમયપત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલી લોનની શરતો મંજૂર કરેલી પેમેન્ટ હોલિડે અને/અથવા અન્યની સંખ્યાનાં અનુસાર વધારાના મહિનાઓની પ્રમાણસરની સંખ્યા દ્વારા આપમેળે લંબાશે. આ ઉપરાંત ઋણ લેનાર એ પણ સમજે છે કે એમઆઇટીસી/પુનઃચુકવણીનાં સમયપત્રકમાં ઉલ્લેખ કરેલા પ્રત્યેક ઇએમઆઇની ચુકવણીની નિયત તારીખ મંજૂર કરેલી પેમેન્ટ હોલિડે અને/અથવા અન્યની સંખ્યાનાં અનુસાર વધારાના મહિનાઓની પ્રમાણસરની સંખ્યા દ્વારા આપમેળે લંબાશે. તે અનુસાર ઋણ લેનાર એમઆઇટીસી/ પુનઃચુકવણીનાં સમયપત્રક અને કરારની મુખ્ય શરતોમાં આવા સુધારા હાથ ધરવા માટે એફઆઇસીસીએલ સાથે સંમત થાય છે. પેમેન્ટ હોલિડે એફઆઇસીસીએલની એક માત્ર મનસૂફી પર મંજૂર કરવામાં આવશે અને ઋણ લેનાર (લેનારાઓ) હક તરીકે આ સુવિધાની માગણી કરવાનો સહજ હક ધરાવતા નથી. એફઆઇસીસીએલ પેમેન્ટ હોલિડે સુવિધાને લગતા તમામ અથવા કોઇ પણ નિયમો અને શરતોમાં અગાઉથી નોટિસ આપ્યા વિના કોઇ પણ સમયે ઉમેરો, સુધારો, બદલાવ અથવા ફેરફાર કરવાનો અથવા તેને સંપૂર્ણપણે કે આંશિક, ઉપર જણાવેલી ઓફરને અન્ય ઓફરથી બદલવાનો, પછી ભલે તે ઉપરની ઓફર જેવી હોય કે ન હોય, અથવા સંપૂર્ણપણે તેને પાછી ખેંચવાનો હક ધરાવે છે અને આ પ્રકારના ઉમેરા / પરિવર્તન / સુધારાઓ / ફેરફાર અથવા બદલાવ ઋણ લેનારને બંધનકર્તા હશે. આ અંગેના તમામ સંદેશાવ્યવહાર કરારમાં ઉલ્લેખ કરવામાં આવેલી નોટિસની ક્લોઝની શરતોને આધિન હશે.

3.24 દેણદાર(રો) સ્વીકારે અને પુષ્ટિ કરે છે કે બાકી નીકળતી બધી જ રકમની રોકડામાં પુનઃચૂકવણી આવકવેરા ધારાની કલમ 269 એસટી હેઠળ નિર્દિષ્ટ અને નાણાં મંત્રાલય દ્વારા તેના પરિપત્ર તારીખ 3 જુલાઈ, 2017 ના રોજના મારફત, નિયામક, વૈધાનિક અથવા કાયદાકીય મંડળો દ્વારા નિર્દિષ્ટ અન્ય સુધારિત સીમાઓ અનુસાર સૂચિત કરાયા પ્રમાણે રૂપિયા 2 (બે) લાખથી વધારે નહીં થાય.

3.25 ઈન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, 1872ની કોઇ પણ જોગવાઇઓ અથવા અન્ય લાગુ થવા પાત્ર કાયદા, અથવા લોનની શરતો અને/અથવા અન્ય લોનના દસ્તાવેજોમાં સામેલ હોય તેનાથી વિસંગત કોઇ પણ નિયમો અને શરતો હોય તેમ છતાં પણ જ્યાં સુધી એફઆઇસીસીએલ દ્વારા લેખિતમાં સંમત ન થાય ત્યાં સુધી ઋણ લેનાર/લેનારાઓ દ્વારા આ પ્રકારની ચુકવણી નીચે જણાવેલી રીત મુજબ એપ્રોપ્રિએટ કરવામાં આવશેઃ

એ) પ્રથમ એફઆઇસીસીએલને ચુકવવાની બાકી રહેતી અને ચુકવવા પાત્ર મૂલ્ય, ચાર્જ, ખર્ચ અને અન્ય નાણાં પ્રત્યે;

બી) બીજી એફઆઇસીસીએલને ચુકવવાના બાકી રહેતા અને ચુકવવા પાત્ર ચુકવવાના બાકી રહેતા વ્યાજ અને ચુકવવા પાત્ર અને/અથવા ઉપાર્જિત ચુકવવાની બાકી રહેતી રકમ પ્રત્યે; અને

સી) છેલ્લે એફઆઇસીસીએલને લોનની ચુકવવાના બાકી રહેતી ચુકવણીના હપ્તા/ઓની પુનઃચુકવણી અને ચુકવવા પાત્ર રકમ અને એવી રકમ જે ચુકવવાની રહેશે અને ચુકવવા પાત્ર બનશે તેના પ્રત્યે;

3.26 એફઆઇસીસીએલને યોગ્ય લાગે તેમ પ્રોસેસિંગ ફી / ડૉક્યુમેંટેશન ફી લોન ડૉક્યુમેંટ્સ / અરજી માટે ચાર્જ કરવામાં આવશે.

3.27 મુદત પૂરી થયા પહેલા લોન બંધ કરવા માટે એફઆઇસીસીએલને યોગ્ય લાગે તેમ લોન પ્રીપેમેન્ટ ચાર્જિસ ચાર્જ કરવામાં આવશે.

3.28 લોન પ્રીપેમેન્ટ ચાર્જિસ પ્રીપેમેન્ટની તારીખના રોજ મૂળ લોન રકમની બાકી નીકળતી રકમ પર લેવામાં/ગણતરી કરવામાં આવે છે. પર્સનલ લોનનું પ્રીપેમેન્ટ ત્યાં સુધી માન્ય નથી જ્યાં સુધી મેં/અમે શરૂઆતના છ(6) ઈએમઆઈ એફઆઇસીસીએલની સંપૂર્ણ સંતુષ્ટિ થાય તેમ ચૂકવી ન દીધા હોય.

3.29 અન્ય ચાર્જિસ અથવા આવી અન્ય રકમ જે એફઆઇસીસીએલ દ્વારા વખતો વખત નિર્દિષ્ટ કરાય વત્તા લાગુ થતા કરવેરા અને/અથવા અન્ય કાનૂની શૂલ્કો લોન એગ્રીમેન્ટમાં અને એફઆઇસીસીએલની વેબસાઇટ પર જણાવ્યા અનુસાર લાગુ રહેશે અને તે એફઆઇસીસીએલને યોગ્ય લાગે તે ફેરફારને આધીન રહે છે.

## 4. ઈન્સ્ટોલમેંટ્સ ઈત્યાદિની ચૂકવણીમાં વિલંબ ઈત્યાદિ

જો સંબંધિત હપ્તાની પાકતી તારીખે હપ્તો ન ચૂકવવામાં આવ્યો હોય એ તો દેણદાર એમઆઇટીસીમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે એફઆઇસીસીએલના અન્ય અધિકારો બાબતે કોઈ પૂર્વગ્રહ વિના એફઆઇસીસીએલને વધારાનું વ્યાજ ચૂકવવા જવાબદાર રહેશે. વધારાનું વ્યાજ એફઆઇસીસીએલ દ્વારા તેની સંપૂર્ણ મુનસફીએ વખતો વખત બદલવામાં આવી શકે છે જેની સૂચના દેણદારને આપવામાં આવશે.

### 5. રજૂઆતો અને બાંયધરીઓ

5.1 ઋણ લેનાર/લેનારાઓ રજૂ કરે છે કે એફઆઇસીસીએલને તેના/તેમના દ્વારા લોનની મંજૂરીના સંબંધમાં પૂરી પાડવામાં આવેલી તમામ વાસ્તવિક માહિતી અને હવે પછી પૂરી પાડવામાં આવનારી તમામ વાસ્તિવક માહિતી તમામ વાસ્તવિક પાસાની દૃષ્ટિએ અને આવી માહિતી પર જણાવેલી તારીખ અથવા જે તારીખે આ પ્રમાણિત કરવામાં આવી હોય તે તારીખથી સાચી, યોગ્ય અને સંપૂર્ણ છે અને રહેશે;

5.2 એફઆઇસીસીએલ રજૂ કરે છે કે તે તેના સંસ્થાપનના કાયદાઓ હેઠળ યોગ્ય રીતે રચવામાં આવી છે અને તે આ લોન હાથ ધરવા માટેની આવશ્યક કોર્પોરેટ સત્તા અને અધિકૃત્તિ ધરાવે છે;

5.3 ઋણ લેનાર રજૂ કરે છે કે તેઓ/તેણી/તે કાયદા હેઠળ કરાર કરવા સક્ષમ છે;

5.4 દેણદાર પૂરી લોન અરજી પત્રકમાં અને/અથવા એમઆઇટીસીમાં જણાવેલા હેતુ માટે જ પૂર્ણતઃ ઉપયોગ કરશે અને કોઈ ગેરકાયદેસર અથવા સટ્ટાના હેતુસાર લોનનો ઉપયોગ નહીં કરે. આ ઉપરાંત તે એફઆઇસીસીએલની પૂર્વ મંજૂરી સિવાય અન્ય કોઇને તેના હકો અથવા ફરજો સોંપશે નહીં;

5.5 ઋણ લેનાર રજૂ કરે છે કે ઋણ લેનારે અહીંની તારીખ સુધી આવક વેરા સહિત, પરંતુ તેને મર્યાદિત ન હોય એવા તમામ વેરા, ડ્યુટીઝ અને અન્ય આવશ્યક ચુકવવાની બાકી રહેતી ચુકવણી ચુકવી છે અને એ પણ રજૂ કરે છે કે આ તારીખે આવા વેરાઓના કોઇ અરિઅર્સ નથી;

5.6 ઋણ લેનાર/લેનારાઓ દ્વારા લોનની શરતો અને લોનના અન્ય દસ્તાવેજો દ્વારા અપેક્ષિત વહેવારોમાં પ્રવેશ, તેમની સોંપણી અને દેખાવ (એ) કોઇ કાયદા; (બી) ઋણ લેનાર/લેનારાઓના બંધારણીય દસ્તાવેજો, જો કોઇ હોય તો; અથવા (સી) ઋણ લેનાર/લેનારાઓને અથવા તેની/તેમની/તેણીની/તેઓની સંપત્તિઓને બંધનકારક હોય એવા કોઇ દસ્તાવેજો સાથે ટકરાતા નથી અને ટકરાશે નહીં;

5.7 ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી ચુકવણી ઋણ લેનાર/લેનારાઓ ઠપ્પ થઈ જાય / તેની નાદારી / મૃત્યું / વિઘટન અથવા વિલિનકરણ અથવા એકીકરણ / પુનઃબંધારણ અથવા યથાસ્થિતિ અનુસાર ઋણ લેનાર/લેનારાઓનાં કારોબારનાં સંચાલનનાં ટેકઓવર અથવા તેની રાષ્ટ્રીયકૃતતા દ્વારા અસર પામશે નહીં, ઘટશે નહીં અથવા મુક્ત થશે નહીં;

5.8 ઋણ લેનારે સુનિશ્ચિત કરવાનું રહેશે કે યથાસ્થિતિ અનુસાર ઋણ લેનાર અથવા ઋણ લેનાર/લેનારાઓના કોઇ ડાઇરેક્ટર/ ભાગીદાર / સભ્ય ડિફોલ્ટર ન હોય અથવા હેતુપૂર્વક ડિફોલ્ટર જાહેર થયા ન હોય. ઋણ લેનાર/લેનારાઓ એવી કોઇ વ્યક્તિને દાખલ નહીં કરે, જે ડિફોલ્ટર / હેતુપૂર્વકની ડિફોલ્ટર તરીકે ઓળખાયેલી કંપનીના ડિરેક્ટર / ભાગીદાર / સભ્ય હોય. જો આવી કોઈ વ્યક્તિ દેવાદાર/સ્વૈચ્છિક દેવાદાર મંડળના ડાયરેક્ટર/ભાગીદાર/સદસ્ય હોવાનું જાણવા મળે તો, દેણદાર(રો) આવી હકીકત તેના ધ્યાનમાં આવ્યાના 30 (ત્રીસ) દિવસોની અંદર આવી વ્યક્તિને બોર્ડ/ મૅનેજિંગ કમિટી, સમાન મંડળો માંથી કાઢી મૂકવા માટે ઝડપી અને અસરકારક પગલાં લેશે;

5.9 દેણદાર બિનશરતી સહમત થાય છે, સ્વીકારે છે અને સ્વીકૃત કરે છે કે એફઆઇસીસીએલ લોનની મુદત દરમિયાન ક્યારેય પણ લોન દસ્તાવેજો હેઠળ બાકી રહેલ ઉપાડ ન કરેલ વચનબદ્ધતાઓ રદ કરવાનો બિનશરતી અધિકાર ધરાવે છે (1) જો દેણદાર(રો) લોન સમરી શેડ્યૂલ કે જે અહીં જણાવેલ છે તે અનુસાર ડિસ્બર્સમેન્ટ લાભ મેળવવામાં નિષ્ફળ જાય અને/અથવા (2) કારણ ભલે કોઈપણ હોય અને એફઆઇસીસીએલ એ દેણદારને આ બાબતની પૂર્વ સૂચના આપવાની રહેશે. એફઆઇસીસીએલ ઘોષિત કરી શકે છે કે બધી જ અથવા લોનનો અમુક હિસ્સો અન્ય કોઈ ચાર્જિસ, વ્યાજ, વધારાનું વ્યાજ અને આ કરાર અંતર્ગત જમા થયેલ અથવા બાકી નીકળતી બધી જ રકમો વખતો વખત લાગુ થતા કાયદા અનુસાર પાકશે અને નિર્દિષ્ટ સમયસીમાની અંદર ચૂકવવાપાત્ર રહેશે.

## 6. વધારાના કરારનામાં

6.1 ઋણ લેનાર/લેનારાઓઃ

(i) એફઆઇસીસીએલને એવી કોઇ ઘટના અથવા એવા સંજોગોના અસ્તિત્ત્વની ત્વરીત જાણ કરશે, જેને લીધે લોનની શરતો અને/અથવા લોનના દસ્તાવેજો હેઠળ કોઇ પણ સંદર્ભમાં કોઇ પણ ઘોષણા, રજૂઆતો, બાંયધરી, કરાર અથવા શરત અસત્ય કે અયોગ્ય ઠરે અને બને.

(ii) એફઆઇસીસીએલને ત્વરીત સોંપશેઃ (એ) ઋણ લેનાર/લેનારાઓ દ્વારા તેના તમામ ક્રેડિટર્સને તમામ દસ્તાવેજો જે સમયે જારી કર્યા હોય તે જ સમયે આ તમામ દસ્તાવેજોની નકલ; (બી) લોન, ઋણ લેનાર/લેનારાઓના કારોબાર અને કામગીરી, અસ્ક્યામતો વગેરેનાં સંબંધમાં એફઆઇસીસીએલ દ્વારા સ્પષ્ટ કર્યા હોય તે સમયગાળાની અંદર વખતો વખત એફઆઇસીસીએલ દ્વારા આવશ્યક હોય તે મુજબ આવા નિવેદનો / માહિતી / ખાતાઓ / રેકોર્ડ્સ / અહેવાલો / દસ્તાવેજો, આર્થિક અથવા અન્ય.

(iii) તેના/તેમના/તેણીના/તેઓની ઠપ્પ થયેલી કામગીરી, વિઘટન, નાદારી, બેન્કરપ્ટ્સી, વહીવટ અથવા પુનર્ગઠન માટે કોઇ કોર્ટમાં તેમના/તેણીના/તેના દ્વારા અથવા તેમની સામે આરંભેલા કોઇ પગલાં અથવા લીધેલા કોઇ પગલાં અથવા કાનૂની કાર્યવાહી અંગે અને ઋણ લેનાર/લેનારાઓના/તેમના ઉપર અથવા તેમની/તેણીની/તેઓની/તેની કોઇ અસ્ક્યામતોના/તેમના ઉપર રિસિવર, વહીવટકાર, વહીવટી રિસિવર, ટ્રસ્ટી અથવા સમાન અધિકારીની નિમણુક અંગે એફઆઇસીસીએલને ત્વરીત જાણ કરશે.

(iv) ઋણ લેનાર/લેનારાઓ અથવા તેમની/તેણીની/તેઓની/તેની સંપત્તિની સામે આરંભેલા અથવા આરંભવાનું જોખમ હોય એવા કોઇ દાવા, આર્બિટ્રેશન, વહીવટી અથવા અન્ય પ્રક્રિયાઓ એફઆઇસીસીએલને ત્વરીત જાણ કરશે.

(v) એફઆઇસીસીએલને એવા સંજોગો અને પરિસ્થિતિની જાણ કરશે, જે વાસ્તવિક વિપરિત અસર ધરાવતી હોઇ અથવા ધરાવતી હોઇ શકે.

(vi) નીચેની કોઇ પણ ઘટના સર્જાય ત્યારે ત્વરીત અને તેના 7 (સાત) દિવસની અંદર એફઆઇસીસીએલને તેની સંપૂર્ણ વિગતો સાથે લેખિતમાં જાણ કરશેઃ (એ) ઋણ લેનાર/લેનારાઓનાં (અથવા તેના કોઇ ભાગીદાર/ટ્રસ્ટ્રીઝ/ડિરેક્ટર્સનાં) મૃત્યુ; (બી) ઋણ લેનાર/લેનારાઓનાં બંધારણ અને/અથવા અધિકૃત હસ્તાક્ષરકર્તામાં કોઇ ફેરફાર ઋણ લેનાર/લેનારાઓ (જ્યાં ઋણ લેનાર/લેનારાઓ ભાગીદારી/એચયુએફ હોય), (સી) ઋણ લેનાર/લેનારાઓની કોઇ ઓફિસ અથવા રહેઠાણ અથવા કારોબારની જગ્યાનાં સ્થાન/સરનામાંમાં તમામ ફેરફાર/ફેરફારો.

(vii) તેમને/તેણીને/તેને/તેઓને અથવા તેમના/તેણીના/તેના/તેઓના વ્યવસાય, કારોબાર અને કામગીરીને લાગુ થવા પાત્ર હોય અથવા બંધનકારક હોય એવા તમામ કાયદાઓને અનુસરશે, જેમાં પર્યાવરણની સુરક્ષાને લગતા કાયદાનો સમાવેશ થાય છે, પરંતુ તેને મર્યાદિત નથી.

(viii) તેના ક્રેડિટર્સ અથવા શેરધારકો સાથે કોઇ વિલિનિકરણ, ડિમર્જર, એકત્રીકરણ, પુનર્ગઠન, એકીકરણની યોજના અથવા સમાધાન હાથ ધરશે નહીં અથવા મંજૂરી આપશે નહીં અથવા કોઇ પેટાકંપનીનાં સર્જન સહિત એકીકરણ અથવા પુનર્ગઠનની કોઇ યોજનાને અસર કરશે નહીં અથવા એફઆઇસીસીએલની પૂર્વ સંમત્તિ વિના કોઇ કંપનીને તેની પેટાકંપની બનવાની મંજૂરી આપશે નહીં.

(ix) તેના/તેમના અસ્તિત્ત્વ અથવા બંધારણ, કોર્પોરેટ અથવા અન્ય અને તેના/તેમના કારોબાર અને કામગીરી ચાલુ રાખવા માટેના હકને જાળવવાનું જારી રાખશે અને સુનિશ્ચિત કરશે કે તે/તેઓ લાગુ થવા પાત્ર તમામ અધિકારક્ષેત્રમાં હાથ ધરવામાં આવે છે એ રીતે તેના/તેમના કારોબાર અને કામગીરી હાથ ધરવાનો અધિકાર ધરાવે છે અને તે/તેઓ તેમ કરવા માટે યોગ્ય લાયકાત ધરાવે છે અને આવા અધિકારક્ષેત્રોમાં તેના/તેમના કારોબાર અને કામગીરી હાથ ધરવા માટે જરૂરી હોય એવી તમામ ફ્રેન્ચાઇઝી તથા હકો અને તેના માટે આવશ્યક હોય એવી તમામ અધિકૃત્તતા, કાયદેસરતા પ્રાપ્ત કરશે અને જાળવશે.

## 7. ડિફોલ્ટ્સની ઘટનાઓ

7.1 અહીં નિર્દિષ્ટ ઘટનાઓ ઘટવા પર, પૂરી અથવા લોનનો અમુક ભાગ અન્ય કોઈ ચાર્જિસ, વ્યાજ, વધારાનું વ્યાજ તેમ જ આ કરાર અંતર્ગત જમા થયેલ અથવા બાકી રહેલી અન્ય દરેક રકમો સહિત તરત જ પાકશે અને ચૂકવવાપાત્ર રહેશે; અને/અથવા ઘોષિત કરી શકે છે કે પૂરી અથવા લોનનો અમુક ભાગ તેમ જ જમા થયેલ અન્ય દરેક રકમ અને બાકી નીકળતી રકમ કે જે તરત પાકતી હોય અને ચૂકવણીની સહમતિ સધાયેલ કોઈ તારીખને ધ્યાનમાં લીધા વિના ચૂકવવાપાત્ર હોય તો તે માગવા પર ચૂકવવાપાત્ર રહેશે તથા એફઆઇસીસીએલ નીચે જણાવેલી કોઈપણ ઘટનાઓ ઘટવા પર અથવા તેના જેવી ઘટનાઓ ઘટવા પર, જે દરેક ઈવેન્ટ ઑફ ડીફોલ્ટ (''ઈવેન્ટ્સ ઑફ ડીફોલ્ટ'') દેણદાર(રો) બને તો લાગુ થતા કાયદા હેઠળ તપાસ કરવા અને પગલાં લેવા હકદાર રહેશે.

i. લોનની શરતો હેઠળ ઋણ લેનાર/લેનારાઓના પક્ષે અથવા અન્ય કોઇ વ્યક્તિના પક્ષમાં કોઇ કરારનામાં, શરત અથવા કરારની બજવણીમાં ડિફોલ્ટ (કોઇ ચુકવણીમાં ડિફોલ્ટ સહિત, પરંતુ તેને મર્યાદિત નહીં) થાય.

ii. લોનની શરતો અથવા વહેવારના અન્ય કોઇ દસ્તાવેજ હેઠળ કોઇ રજૂઆતો, બાંયધરી, ઘોષણા અથવા પુષ્ટિનું ઉલ્લંઘન થાય / કરવામાં આવે અને/અથવા ઋણ લેનાર/લેનારાઓએ છેતરપિંડી કરે / તેઓ એપ્લિકેશન ફોર્મ/એમઆઇટીસી હેઠળ આવશ્યક કર્યા પ્રમાણેની કોઇ વાસ્તવિક માહિતી સુપરત કરવામાં નિષ્ફળ જાય.

iii. ઋણ લેનાર/લેનારાઓએ અથવા એવી વાજબી આશંકા હોય કે ઋણ લેનાર/લેનારાઓએ સ્વૈચ્છિક રીતે અથવા અસ્વૈચ્છિક રીતે કોઇ બેન્કરપ્ટ્સી અથવા નાદારીના કાયદા હેઠળની કાર્યવાહીને પાત્ર બન્યા હોય અથવા બને અથવા તેઓ સ્વૈચ્છિક રીતે અથવા અસ્વૈચ્છિક રીતે વિઘટિત થયા હોય, બેન્કરપ્ટ કે નાદાર બને અથવા જો ઋણ લેનાર/લેનારાઓ તેમના/તેણીના/તેઓના/તેના પુનર્ગઠન, લિક્વિડેશન અથવા વિઘટન અથવા નાદારી કે બેન્કરપ્ટ્સી માટે કોઇ પગલાં લીધા હોય કે લેવાના હોય અથવા જો ઋણ લેનાર/લેનારાઓની સંપત્તિઓના તમામ અથવા કોઇ ભાગના/તેનાથી ઉપર થઈને રિસિવર અથવા લિક્વિડેટરની નિમણૂક કરવામાં આવી હોય અથવા નિમણૂક કરવાની મંજૂરી આપવામાં આવી હોય અથવા જો ઋણ લનાર/લેનારાઓની સંપત્તિ અથવા તેના કોઇ ભાગ પર જપ્તી લાદવામાં આવી હોય અથવા ઋણ લેનાર/લેનારાઓ પાસેથી ચુકવવાની બાકી રહેતી કોઇ રકમની વસૂલાત માટે પ્રમાણિત કાર્યવાહીઓ હાથ ધરવામાં કે આરંભવામાં આવી હોય અથવા જો એક કે વધુ ચુકાદાઓ અથવા હુકમનામાં ઋણ લેનાર/લેનારાઓની સામે આપવામાં આવ્યા હોય કે દાખલ કરવામાં આવ્યા હોય.

iv. ઋણ લેનારનું કોઇ કરારનામું અથવા રજૂઆત અથવા બાંયધરી અયોગ્ય કે ખોટી હોવાનું જાણવા મળ્યું હોય કે સાબિત થયું હોય અથવા લોનના કોઇ દસ્તાવેજમાં ઋણ લેનાર દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી વાસ્તવિક સંદર્ભમાં ગેરમાર્ગે દોરતી કે અયોગ્ય હોય અથવા ઋણ લેનાર દ્વારા કોઇ વાસ્તવિક માહિતી ગુપ્ત રાખવામાં આવી હોય કે રોકવામાં આવે.

v. ઋણ લેનાર/લેનારાઓ અથવા તેમનામાંથી કોઇ એકનું મૃત્યું થાય અથવા જો ઋણ લેનાર/લેનારાઓ તેમના કોઇ કારોબાર બંધ કરે અથવા બંધ કરવાનો ભય બતાવે અથવા આમ કરવાના તેના ઇરાદાની નોટિસ આપે અથવા જો ઋણ લેનાર/લેનારાઓની તમામ સંપત્તિ અથવા તેના કોઇ ભાગ કે જે તેના કારોબાર માટે આવશ્યક હોય અથવા મહત્ત્વના હોય અથવા કામગીરી નુકસાન પામે કે નાશ પામે અથવા એપ્લિકેશન ફોર્મ સુપરત કર્યાની તારીખથી ઋણ લેનાર/લેનારાઓના કારોબાર, કામગીરી, સંચાલન અથવા માલિકીની સામાન્ય પ્રકૃતિ અથવા અવકાશમાં કોઇ ફેરફાર સર્જાય અથવા જે વાસ્તવિક વિપરિત અસર ધરાવતો હોઇ શકે.

vi. કોઇ સરકાર, સરકારી સત્તાધિકારી, એજન્સી, અધિકારી અથવા એન્ટિટી અહીં જણાવેલી બાબતો માટે કોઇ પગલાં ભરે અથવા પગલાં ભરવાનું જોખમ ધરાવતી હોયઃ (એ) ઋણ લેનાર/લેનારાઓના વિઘટન માટે, કોઇ ક્રિયા માટે જે ઋણ લેનાર/લેનારાઓને અહીં આપેલી બાબતથી વંચિત રાખે અથવા વંચિત રાખવાનું જોખમ ધરાવેઃ (1) તેના કોઇ કારોબાર હાથ ધરવાથી અથવા તેની કામગીરી જે રીતે થવી જોઇએ અથવા હાથ ધરવી જોઇએ એ રીતે હાથ ધરવાથી અથવા (2) તેની કોઇ સંપત્તિનો ઉપયોગ કરવાથી;

(બી) કોઇ અધિકૃત્તતા રદ કરવા કે અંત લાવવા માટે અથવા પૂરી પાડવા અથવા રિન્યુ કરવા ઇન્કાર કરવા માટે અથવા કોઇ અધિકૃત્તતા પર અથવા તેને મંજૂર કરવા અથવા રિન્યુ કરવા પર ભારે શરતો લાદવા માટે; (સી) પોતાના કારોબારનાં સંબંધમાં ઋણ લેનાર/લેનારાઓ દ્વારા કોઇ વાસ્તવિક વિપરિત અસર ધરાવતા હોઇ શકે એવા લાગુ કરેલા દરો, ચાર્જ કરેલી કિંમતો અને હાંસલ કરી શકાય એવા વળતરના દરો પર કોઇ પણ પ્રકારના વહીવટી નિયંત્રણને નિયંત્રિત કરવા, વહીવટ કરવા અથવા મર્યાદિત કરવા કે નિશ્ચયપૂર્વક જાહેર કરવાના દષ્ટિકોણ સાથે.

vii. ઋણ લેનાર/લેનારાઓ અથવા કોઇ વ્યક્તિ (એફઆઇસીસીએલ સહિત) માટે લોનની શરતો અને/અથવા લોનના અન્ય કોઇ દસ્તાવેજો હેઠળ તેમની કોઇ સંબંધિત ફરજો હાથ ધરવી અયોગ્ય અથવા ગેરકાયદેસર હોય અથવા બને.

viii. ઋણ લેનાર/લેનારાઓ તેમના કોઇ પણ દેવાને તે પરિપક્વ થાય અથવા તે ચુકવવાના બાકી હોય ત્યારે ચુકવવા માટે અસક્ષમ હોય અથવા ચુકવવાની તેની અક્ષમતા અંગે લેખિતમાં સ્વીકૃતિ આપે.

ix. ઋણ લેનાર/લેનારાઓ એફઆઇસીસીએલ અથવા તેમની જૂથની કોઇ પણ કંપની સાથેના અન્ય કોઇ કરાર હેઠળ ડિફોલ્ટ બને.

x. કોઇ કરાર અથવા દસ્તાવેજ હેઠળ ઋણ લેનાર/લેનારાઓના કોઇ દેવાના બોજાને લગતી કોઇ પણ રીતે વર્ણવેલી ડિફોલ્ટની ઘટના (અથવા નોટિસ આપવાની, સમય વીતવાની, વાસ્તવિકતાનાં નિર્ધારણ અથવા અન્ય કોઇ લાગુ શરત પૂરી કરવાની અથવા અહીં જણાવેલી આ બાબતોનાં સંયોજનની સાથે એવી કોઇ ઘટના ડિફોલ્ટની ઘટનાને સામેલ કરશે) સર્જાય અથવા જો ઋણ લેનાર/લેનારાઓએ આર્થિક સહાય માટે કરાર કર્યો હોય એવી નાણાકીય સંસ્થાઓ અથવા બેંકો સહિતના ઋણ લેનાર/લેનારાઓના અન્ય કોઇ ધિરાકર્તા તેની/તેમની સહાય અથવા તેના કોઇ હિસ્સાને રદ કરે.

xi. જો એવી કોઇ ઘટના અથવા પરિસ્થિતિ સર્જાય, જેમ કે અને આ પૂરતી સીમિત ન રહેતા તેમાં સામેલ છે, એફઆઇસીસીએલ દ્વારા પૂર્ણતઃ નિર્ધારિત કરેલ કોઇ મટીરિયલ એડવર્સ ઇફેક્ટ જે વેપારમાં, આર્થિક, સંચાલનો અથવા દેણદાર(રો) ની અન્ય પરિસ્થિતિઓ અથવા સંભાવનાઓ, કે જે એફઆઇસીસીએલના સંપૂર્ણ મતાનુસાર એફઆઇસીસીએલના હિતો માટે પૂર્વાગ્રહ યુક્ત છે અથવા એફઆઇસીસીએલના સંપૂર્ણ મતાનુસાર આ મટીરિયલ એડવર્સ ઇફેક્ટ તરીકે વર્ગીકૃત થવાની શક્યતા હોય અને /અથવા તે નોંધપાત્ર રીતે દેણદાર(રો)ની આર્થિક સ્થિતિને અથવા આ કરાર હેઠળ અને/અથવા અન્યથા લોનના સંદર્ભે તેની દરેક અથવા કોઇ પણ જવાબદારી પૂરી કરવાની તેમ જ આ કરાર અને/અથવા લોનની કોઇપણ શરતોનું પાલન કરવાની તેની ક્ષમતાને પ્રભાવિત કરે.

xii. એક અથવા વધુ ઘટનાઓ, પરિસ્થિતિ અથવા સંજોગો (કાયદામાં કોઇ ફેરફાર સહિત) સર્જાય અથવા અસ્તિત્વ ધરાવતા હોય, જે એફઆઇસીસીએલના એક માત્ર અભિપ્રાયમાં વાસ્તવિક પ્રતિકૂળ અસર ધરાવતી હોઇ શકે.

7.2. ઋણ લેનાર/લેનારાઓ કોઇ ડિફોલ્ટથી અને એવી કોઇ ઘટના (અથવા નોટિસ આપવાની, સમય વીતવાની, વાસ્તવિકતાનાં નિર્ધારણ અથવા અન્ય શરતની સંતુષ્ટીની સાથે સમાવી શકે) જેને ડિફોલ્ટની ઘટના સમાવવામાં આવી હોય અને તેના ઉપાય માટે જો કોઇ પગલાં લેવામાં આવી રહ્યા હોય તેનાથી માહિતગાર બને તો એ અંગે એફઆઇસીસીએલને લેખિતમાં ત્વરીત જાણ કરશે. ડિફોલ્ટની ઘટના સર્જાઇ છે કે નહીં એ અંગેનો એફઆઇસીસીએલનો નિર્ણય આખરી અને ઋણ લેનાર/લેનારાઓ માટે બંધનકારક હશે.

## 8. ડિફોલ્ટની ઘટનાઓનાં પરિણામો

8.1 ડિફોલ્ટની કોઇ ઘટના થાય ત્યારે એફઆઇસીસીએલ સમગ્ર લોન રદ કરવાનો અને ડિફોલ્ટની ઘટનાની તારીખથી ચુકવવાની બાકી રહેતી કુલ રકમ અને ચુકવવા પાત્ર રકમની સંપૂર્ણ ચુકવણી અથવા તેની પ્રાપ્તિ સુધીના ગાળાના વ્યાજની સાથે લોનનાં સંદર્ભમાં કરવામાં આવેલી માગણીની તારીખના રોજ બાકી રહેતી ચુકવણીની માગણી કરવાનો હક ધરાવે છે, પરંતુ ફરજ ધરાવતી નથી અને ઋણ લેનાર આવી માગણી કરી હોય તે તારીખથી 7 (સાત) કામગીરીના દિવસની અંદર ચુકવણી કરવામાં નિષ્ફળ જાય તો એફઆઇસીસીએ તેની એક માત્ર મનસૂફીમાં ઋણ લેનાર/લેનારાઓને લેખિતમાં નોટિસ આપીને અને લોનની શરતો અથવા લોનના અન્ય દસ્તાવેજ હેઠળ એફઆઇસીસીએલના હકોનો અને તેની પાસે ઉપલબ્ધ ઉકેલનો પૂર્વગ્રાહ રાખ્યા વિના એફઆઇસીસીએલ અન્ય બાબતોની સાથે વધુ નોટિસ આપ્યા વિના અથવા અન્ય કોઇ કાનૂની ઔપચારિકતાઓ વિના નીચે આપેલા હકો (લોનની શરતો અને/અથવા લોનના અન્ય દસ્તાવેજોથી કોઇ બાબત વિસંગત હોય તેમ છતાં પણ અને સમગ્ર લોન અથવા ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી રકમ રદ કરવામાં આવ્યા હોય કે ન હોય તેને ધ્યાનમાં લીધા વિના) ધરાવી શકે છે અથવા ધરાવશેઃ

i. એફઆઇસીસીએલ દ્વારા વિવિધ ડિસ્બર્સમેન્ટમાં ડિસ્બર્સ કરવામાં આવી રહી હોય એવા કિસ્સામાં એફઆઇસીસીએલની બાકીની રકમની ચુકવણીને સસ્પેન્ડ કરવાનો;

ii. એફઆઇસીસીએલ કોઇ કરારનામાં, સામાન્ય નિયમો અને શરતોમાં રહેલી શરત અથવા નિયમના ખાસ અમલ માટે અથવા આ સામાન્ય નિયમો અને શરતોના કોઇ પણ નિયમ અને શરતનાં ઉલ્લંઘન સામેના હુકમ માટે ઇક્વિટીમાં દાવો માંડીને અથવા કાયદેસર પગલાં ભરીને અથવા બંને રીત સહિતના કાયદાકીય રીતે તેને માન્ય હોય એવા કોઇ હક, સત્તા અથવા ઉકેલનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે. આ સામાન્ય નિયમ અને શરતોમાં એફઆઇસીસીએલ દ્વારા પૂરા પાડવામાં આવેલા હકો અને ઉકેલો એકત્રિત છે અને વિશિષ્ટ નથી.

8.2 જો ડિફોલ્ટની કોઇ એક ઘટના (અથવા વધુ) સર્જાય તો ઉપરના ફકરાઓમાં દર્શાવેલા એફઆઇસીસીએલના વિવિધ હકો અને ઉકેલો ઉપરાંત એફઆઇસીસીએલ ઋણ લેનાર/લેનારાઓના રોજગારદાતાઓનો ઋણ લેનાર/લેનારાઓને ચુકવવા પાત્ર હોય એવા પગાર/વેતનમાંથી રોજગારદાતા દ્વારા ડિડક્શન/ડિડક્શન્સ કરવા અને આને જ્યાં સુધી ઋણ લેનાર/લેનારાઓ એફઆઇસીસીએલને ઋણ લેનારની બાકી રહેતી ચુકવણી સંપૂર્ણપણે ચુકવાઇ ન જાય ત્યાં સુધી એફઆઇસીસીએલને રેમિટ કરવા માટે સંપર્ક કરવા અને તેને આવશ્યક બનાવવા માટે હકદાર અને અધિકૃત રહેશે. આ ડિડક્શન્સ ઋણ લેનાર/લેનારાઓના રોજગારદાતાઓ સાથે એફઆઇસીસીએલે સંવાદ કર્યો હોય (અને સૂચના આપી હોય) એટલી રકમના અને એટલી હદ સુધીના હશે. ઋણ લેનાર/લેનારાઓ આવા ડિડક્શન્સની સામે કોઇ વાંધા નહીં ધરાવે, અથવા ઉઠાવે/ઊભા કરશે. ઋણ લેનાર/લેનારાઓ અને/અથવા ઋણ લેનાર/લેનારાઓના રોજગારદાતાનું નિયમન કરતો કોઇ કાયદો અથવા કરાર આવા ડિડક્શન કરવાના અને ઋણ લેનાર/લેનારાઓના રોજગારદાતાને એફઆઇસીસીએલને ચુકવણી કરવાના એફઆઇસીસીએલના ઉપર જણાવેલા હકને કોઇ રીતે રોકતો નથી કે અવરોધતો નથી. જોકે ડિડક્ટ કરેલી જણાવેલી રકમ એફઆઇસીસીએલને ઋણ લેનાર/લેનારાઓને ચુકવવાની બાકી રહેતી રકમની સંપૂર્ણ પુનઃચુકવણી કરવા માટે અપૂરતી હોય તો એવા કિસ્સામાં એફઆઇસીસીએલને ચુકવવાની રહેતી બાકીની નહીં ચુકવેલી રકમ ઋણ લેનાર/લેનારાઓ દ્વારા એફઆઇસીસીએલની એક માત્ર મનસૂફીમાં નક્કી કરે એ રીતે ચુકવવામાં આવશે અને ઋણ લેનાર/લેનારાઓ દ્વારા તે પ્રમાણે ચુકવણી કરવાની રહેશે.

8.3 અગાઉની જોગવાઇઓમાં સ્પષ્ટ કર્યા પ્રમાણેના એફઆઇસીસીએલના વિવિધ હકો ઉપરાંત એફઆઇસીસીએલ અહીં આપેલા લોકોની નિમણુક કરવા માટે પણ હકદાર રહેશેઃ (i) ઋણ લેનાર/લેનારાઓની કામગીરી અને/અથવા તેના પરિસર, ફેક્ટરી, પ્લાન્ટ્સ અને એકમો સહિતની અસ્ક્યામતોની તપાસ અને નિરીક્ષણ કરવા અને એફઆઇસીસીએલને રિપોર્ટ કરવા માટે ટેકનિકલ, સંચાલન અથવા અન્ય કોઇ કન્સલ્ટન્સી કારોબારમાં સામેલ કોઇ વ્યક્તિ; (ii) કોઇ વિશેષ એસાઇનમેન્ટ્સ હાથ ધરવા અને ઋણ લેનાર/લેનારાઓ દ્વારા તેમની કામગીરી માટે અપનાવેલી નાણાકીય અથવા કોસ્ટ એકાઉન્ટિંગ સિસ્ટમ અને પ્રક્રિયાઓનું નિરીક્ષણ કરવા માટે અથવા કોન્કરન્ટ ઓડિટર્સ અથવા ઋણ લેનાર/લેનારાઓનાં વિશેષ ઓડિટ હાથ ધરવા માટે ઓડિટર્સ તરીકે કોઇ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ/ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ.

8.4 લોનના અટકાવવા અથવા રદ કરવામાં આવી હોવા છતાં પણ લોનની શરતો અને લોનના અન્ય દસ્તાવેજો પ્રમાણે એફઆઇસીસીએલના તમામ હકો અને ઉકેલો એફઆઇસીસીએલ દ્વારા ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી રકમ સંપૂર્ણપણે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અસ્તિત્વ ધરાવશે.

8.5 આ સામાન્ય નિયમો અને શરતોમાં એફઆઇસીસીએલ દ્વારા પૂરા પાડવામાં આવેલા હકો અને ઉકેલો એકત્રિત છે અને કાયદાકીય રીતે પૂરા પાડવામાં આવેલા કોઇ હકો અથવા ઉકેલોથી વિશિષ્ટ નથી.

## 9. માહિતીનો ઉપયોગ

9.1 ઋણ લેનાર/લેનારાઓ એફઆઇસીસીએલને ઋણ લેનારની પ્રવર્તમાન લોન અને/અથવા પુનઃચુકવણીના ઇતિહાસને લગતી તમામ માહિતી અને વિગતોને એફઆઇસીસીએલ જૂથની અન્ય કંપનીઓ, એવા કારોબારની એન્ટિટી જેની સાથે એફઆઇસીસીએલ કારોબારનાં જોડાણ ધરાવતી હોય અથવા ભવિષ્યમાં ધરાવી શકે, બેંકો, નાણાકીય સંસ્થાઓ, ક્રેડિટ બ્યુરોઝ, એજન્સીઓ, માહિતી ઉપયોગિતા, વૈધાનિક મંડળો (આરબીઆઇ સહિત) વગેરે સાથે આવશ્યક લાગે ત્યારે અથવા તેમને યોગ્ય લાગે ત્યારે વિનિમય કરવા, આપ-લે કરવા, જાહેર કરવા અથવા આપી દેવાની અધિકૃત્તતા આપે છે અને તેઓ એફઆઇસીસીએલને (અથવા તેના જૂથની કોઇ પણ કંપની અથવા તેના/તેઓ એજન્ટ્સ / પ્રતિનિધિઓને) આ માહિતીનો ઉપયોગ/આપ-લે કરવા માટે જવાબદાર ગણશે નહીં.

9.2 એફઆઇસીસીએલને યોગ્ય અને આવશ્યક લાગે ત્યારે તે નીચેની તમામ અથવા કોઇ પણ બાબતને જાહેર કરવા હકદાર બનશેઃ (i) ઋણ લેનાર/લેનારાઓને લગતી માહિતી અને ડેટા; (ii) લોન, લોનની શરતો, લોનના દસ્તાવેજોને લગતી માહિતી અથવા ડેટા; (iii) લોનની શરતો, લોનના દસ્તાવેજો અથવા એફઆઇસીસીએલ દ્વારા માન્ય રાખેલી / માન્ય રાખવામાં આવનારી અન્ય ક્રેડિટ લોન માટે ઋણ લેનાર/લેનારાઓ દ્વારા પૂરા પાડવામાં આવેલી અન્ય જામીનગીરીઓ હેઠળ લોનનાં સંબંધમાં ઋણ લેનાર/લેનારાઓ દ્વારા ધારેલી / ધારવામાં આવનારી ફરજો; (iv) ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો (ઇન્ડિયા) લિમિટેડ (સિબિલ), માહિતી ઉપયોગિતા અને આરબીઆઇનાં પક્ષમાં હોય એવી અન્ય અધિકૃત્ત એજન્સીને ઉપર જણાવેલી ફરજો બજાવવામાં ઋણ લેનાર/લેનારાઓ દ્વારા થયેલા ડિફોલ્ટ. સિબિલ, માહિતી ઉપયોગિતા અને / અથવા અધિકૃત્ત હોય એવી અન્ય એજન્સી એફઆઇસીસીએલ દ્વારા જાહેર કરેલી ઉપર જણાવેલી માહિતી અને ડેટાનો ઉપયોગ અને/અથવા પ્રક્રિયા તેમને યોગ્ય લાગી શકે એ રીતે ઉપયોગ કરવા માટે અધિકૃત્ત છે. સિબિલ, માહિતી ઉપયોગિતા અને / અથવા અધિકૃત્ત હોય એવી અન્ય એજન્સી એફઆઇસીસીએલ / નાણાકીય સંસ્થાઓ અને અન્ય ક્રેડિટ ગ્રાન્ટર્સ અથવા આ પક્ષમાં આરબીઆઇ દ્વારા સ્પષ્ટ કર્યા હોય એવા નોંધણી પામેલા ઉપયોગકર્તાઓને તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલી પ્રક્રિયા કરેલી માહિતી અને ડેટા અથવા તેની પ્રોડક્ટ્સને વિચારણા માટે પૂરા પાડી શકે છે. ઋણ લેનાર/લેનારાઓ દ્વારા વખતો વખત એફઆઇસીસીએલને પૂરી પાડવામાં આવેલી તમામ માહિતી અને ડેટા સાચા અને યોગ્ય હશે.

9.3 એફઆઈસીસીએલને યોગ્ય અને આવશ્યક લાગે એ રીતે એફઆઈસીસીએલ, તેના અધિકારીઓ અને એજન્ટોને ઋણ લેનાર/લેનારાઓ અને ઋણ લેનાર/લેનારાઓનાં લોન ખાતા અને એફઆઈસીસીએલ સાથે વહેવારના સંબંધ(ધો)ને લગતી માહિતી નીચે જણાવેલ લોકો સાથે જાહેર કરવા માટે હકદાર રહેશે, જે કોઈ સુવિધાઓની, લેવામાં આવેલી કોઈ જામીનગીરી, એફઆઈસીસીએલ સાથે હાથ ધરેલા વહેવારોની વિગતોને સામેલ કરે છે, પરંતુ તેને મર્યાદિત નથીઃ

- I એફઆઈસીસીએલના વ્યાવસાયિક સલાહકારો અને સર્વિસ પ્રોવાઈડર્સ;
- ii. કોઈ કરાર હેઠળ એફઆઈસીસીએલના કોઈ હક અથવા ફરજનાં સંબંધમાં કોઈ વાસ્તવિક અથવા સંભવિત એસાઈની, નોવેટી, ટ્રાન્સફરી, ભાગ લેનાર અથવા સહ–ભાગ લેનાર;
- iii. કોઈ રેટિંગ એજન્સી, એફઆઈસીસીએલ દ્વારા પૂરી પાડેલી અથવા પૂરી પાડવાની હોય એવી સેવાઓનાં સંબંધિત ઉદ્દેશો માટે વીમા કંપની અથવા ક્રેડિટ સુરક્ષા અથવા આર્થિક સહાયના પ્રત્યક્ષ અથવા પરોક્ષ પ્રોવાઈડર.

## 10. સેટ ઓફ (સરભર કરી આપવું) અને લીઅન (મિલકતને કબજામાં રાખવાનો હક)

એફઆઈસીસીએલના કોઈ હકોનો પૂર્વગ્રહ રાખ્યા વિના એફઆઈસીસીએલ ઋણ લેનાર/લેનારાઓના તમામ નાણાંને સરભર કરી આપવાની અગ્રેસરની લીઅન અને હક ધરાવશે, પછી ભલે ઓફઆઈસીસીએલ સાથે ઋણ લેનાર/લેનારાઓનાં કોઈ ખાતામાં ઋણ લેનાર/લેનારાઓની ક્રેડિટમાં ચુકવવાની બાકી રહેતી રકમ અથવા સ્ટેન્ડિંગ હોય કે ન હોય (કોઈ ફિક્સ્ડ ડિપોઝિટ સહિત), ઋણ લેનાર/લેનારાઓ એફઆઈસીસીએલને એફઆઈસીસીએલ સાથે ઋણ લેનાર/લેનારાઓના ખાતા/ઓને ડેબિટ કરવા અને એફઆઈસીસીએલની ચુકવવાની બાકી રહેતી રકમની વસુલાત માટે ઋણ લેનાર(લેનારાઓ)ના તમામ ખાતાને જોડવા અથવા એફઆઈસીસીએલ સાથે ઋણ લેનાર/લેનારાઓના કોઈ ખાતા પર કોઈ રકમની સંતુષ્ટીમાં ઋણ લેનાર/લેનારાઓ હકદાર હોય એવા કોઈ ક્રેડિટ બેલેન્સ લાગુ કરવા ભલે પછી લોનની શરતો, લોનના દસ્તાવેજો અને લોનના સંબંધમાં અન્ય કોઈ દસ્તાવેજ હેઠળ એફઆઈસીસીએલને ઋણ લેનાર/લેનારાઓ દ્વારા ચુકવવાની બાકી અને ચુકવવા પાત્ર હોય એવી મુખ્ય રકમ અથવા વ્યાજ હોય અથવા દાવો માડીને ઋણ લેનાર(લેનારાઓ) પાસેથી જણાવેલી લોનનાં ખાતા(ઓ) હેઠળ એફઆઈસીસીએલને ચુકવવા પાત્ર શેષ રકમ માટે કોઈ પણ સમયે વસૂલાત કરવા માટે, પછી ભલે તમામ અથવા કોઈ જામીનગીરીની પતાવટ થઈ ન હોય અને અથવા તેને મુક્ત કરવામાં ન આવી હોય તેને ધ્યાનમાં લીધા વિના તેના માટે અધિકૃત્તતા આપે છે.

## 11. ક્રોસ કોલેટરલ

આ કરાર હેઠળ ઋણ લેનાર/લેનારાઓ દ્વારા કોઈ ચુકવવાની બાકી રહેતી રકમ હોય એવા કિસ્સામાં એફઆઈસીસીએલ ઋણ લેનાર/લનારાઓ દ્વારા એફઆઈસીસીએલ પાસેથી અન્ય આર્થિક સહાય માટે સર્જેલી જામીનગીરીને મુક્ત કરવા માટે બંધાયેલી હશે નહીં અને ઋણ લેનાર/લેનારાઓ લોનને આવરવા માટે આવી જામીનગીરીને લંબાવવા માટે બાંયધરી આપે છે.

## 12. ટર્મિનેશન (રદ કરવું)

આ કરારમાં જણાવેલ કાંઈપણ વિરુદ્ધ હોય તેમ છતા, એફઆઈસીસીએલ તેની સંપૂર્ણ મુનસફીએ ગમે ત્યારે લોન અથવા તેનો કોઈ હિસ્સો કોઈ કારણ આપવાની કોઈ જવાબદારી અથવા ઉત્તરદાયિતા વિના ટર્મિનેટ, કૅન્સલ અથવા વિડ્રો કરી શકે છે, આમ થવા પર બધી જ મૂડીની રકમો (પ્રિન્સિપલ અમાઉન્ટસ), તેના પરનું વ્યાજ અને અન્ય બધાં ખર્ચાઓ, ચાર્જિસ ખર્ચાઓ સહિત કસૂરવાર ઠરવાના કિસ્સામાં એફઆઈસીસીએલને થયેલ નફાનું નુકસાન અને બાકી નીકળતી બધી રકમ પાકી જશે અને એફઆઈસીસીએલ દ્વારા માગણી કરવા પર તરત એફઆઈસીસીએલને ચૂકવવાપાત્ર રહેશે.

એફઆઈસીસીએલના વિકલ્પે અને અહીં જણાવેલ અથવા દેણદાર(રો) દ્વારા એફઆઈસીસીએલની તરફેણમાં અમલી કરેલ/અમલી કરવાના રહેતા કોઈ દસ્તાવેજોમાં જણાવેલ કાંઈપણ છતા, એફઆઈસીસીએલ લોનનો ન ફાળવેલ હિસ્સો રદ કરી શકે છે (1) જો દેણદાર(રો) અહીં જણાવેલ લોન સમરી શેડ્યૂલ અનુસાર ડિસ્બર્સમેન્ટનો લાભ લેવામાં નિષ્ફળ જાય (2) કોઈપણ કારણસર તેની સંપૂર્ણ મુનસફીએ, કે જેમાં લોનનો ન ફાળવેલ હિસ્સો તરત રદ થઈ જશે; અને એફઆઈસીસીએલ ઘોષિત કરી શકે છે કે લોન પૂરેપૂરી અથવા તેના હિસ્સા સહિત અન્ય ચાર્જિસ, વ્યાજ, વધારાનું વ્યાજ તથા આ કરાર હેઠળ જમા થયેલ અથવા બાકી રહેતી અન્ય બધી રકમો વખતો વખત લાગુ થતા કાયદાઓ અનુસાર નિર્દિષ્ટ સમયસીમાની અંદર પાકશે અને ચૂકવવાપાત્ર રહેશે.

કાંઈપણ વિપરીત હોવા છતા, એફઆઈસીસીએલ તેની ન ફાળવેલ પ્રતિબદ્ધતાઓ સુવિધાની મુદત દરમિયાન ગમે ત્યારે અને દેણદાર(રો)ને પૂર્વ સૂચના આપ્યા વિના બિનશરતી રીતે રદ કરવાનો અધિકાર ધરાવશે.

## 13. માહિતી જાહેર કરવી

(i) દેણદાર(રો) એફઆઈસીસીએલ દ્વારા બધી જ અથવા કોઈપણ માહિતી અને ડેટા કે જે દેણદાર(રો), લોન, દેણદાર(રો)ના અકાઉન્ટ, અને આ કરાર સંબંધિત હોય, દેણદાર(રો) દ્વારા તેની જવાબદારીઓના પાલનમાં કસૂરવાર, જો કોઈ હોય તો તે ઠરવા સંબંધિત માહિતી સહિત અને તે પૂરતી સીમિત ન રહેતા, એફઆઈસીસીએલને ભારતીય રિઝર્વ બૅન્ક (‘‘આરબીઆઈ’’) ને અને/અથવા ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો (ઈન્ડિયા)લિમિટેડને, ઈન્ફોર્મેશન યુટિલિટીઝને અને/અથવા આરબીઆઈ દ્વારા આ સંદર્ભે અધિકૃત કરાયેલ અન્ય કોઈ એજન્સીને, એફઆઈસીસીએલના વ્યાવસાયિક સલાહકારોને અને કન્સલટંટ્સને, એફઆઈસીસીએલના એફિલિએટ્સ/સબ્સિડિયરીઓને અને તેના સેવા પ્રદાતાઓને, ત્રીજા પક્ષકારને અથવા અન્યથા આ કરાર અને/અથવા લોન સંદર્ભે તેના દ્વારા સૂચિતને, અને/અથવા કાયદા હેઠળ અથવા અન્ય લાગુ નિયમન હેઠળ, અદાલતના ચુકાદા પર અથવા કોઈ વૈધાનિક નિયામક અથવા સુપરવાઈઝરી ઑથોરિટી કે જેની સાથે તે ગ્રાહકની રીતે સુસંગત હોય તેને જાહેર અને રજુ કરવા સહમત થાય અને સ્વીકારે તેમ જ સંમતિ આપે છે.

(ii) દેણદાર(રો) ઘોષિત કરે છે કે એફઆઈસીસીએલને જણાવેલ અને જણાવવાની રહેતી માહિતી અને ડેટા સાચાં અને ખરાં છે તેમ જ કોઈ જ ખોટી રજુઆત પ્રત્યક્ષ અથવા અન્યથા નથી કરવામાં આવી. જો દેણદાર(રો) તરફથી કોઈ ક્ષતિ અથવા ખોટી રજુઆત કરાયાનું ધ્યાનમાં આવતા એફઆઈસીસીએલ તેને યોગ્ય લાગે તે પગલાં લેવાં હકદાર રહેશે. દેણદાર(રો) એ એફઆઈસીસીએલને આવી અન્ય આર્થિક માહિતી જે એફઆઈસીસીએલને વખતો વખત જરૂર પડે તે પૂરી પાડશે.

(iii) દેણદાર(રો)ઃ

- ક) સ્વીકારે છે કે આરબીઆઈ અથવા ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યુરો (ઈન્ડિયા) લિ. અને અન્ય કોઈ વૈધાનિક, નિયામક અથવા સુપરવાઈઝરી ઑથોરિટી અથવા આ રીતે અધિકૃત એજન્સી આ કથિત માહિતી અને ડેટા જે એફઆઈસીસીએલ દ્વારા તેમને કોઈ વિશેષ સંજોગોમાં યોગ્ય જણાય તેમ જાહેર કરવામાં આવે તેનો ઉપયોગ, પ્રક્રિયા, તારવણી કરી શકે છે; અને
- ખ) આ સંદર્ભે એફઆઈસીસીએલને કોઈ રીતે જવાબદાર અથવા ઉત્તરદાયી નહીં ઠેરવે.
- ગ) એફઆઈસીસીએલને મળતા અન્ય અધિકારો ઉપરાંત એફઆઈસીસીએલને વધુમાં અધિકૃત કરે છે કે, દેણદાર(રો) દ્વારા કરાર હેઠળ કોઈ કસૂરવાર (ડીફોલ્ટ) કરવામાં આવે તો, એફઆઈસીસીએલ દેણદાર(રો)ને સૂચિત કર્યા વિના આરબીઆઈ અથવા અન્ય કોઈ સક્ષમ સત્તાધિકારી અથવા અદાલતને, દેણદાર(રો) ના નામો અને દેણદાર(રો) એ ઉપર જણાવ્યા મુજબ કસૂરવાર ઠર્યા હોવાનું જાહેર કરવા હકદાર રહેશે.

(iv) દેણદાર (જો કંપની/એલએલપી/સોસાયટી/ભાગીદારી પેઢી/બૉડી કૉર્પોરેટ હોય તો) સ્વીકૃત કરે છે કે તેમનાં કોઈપણ ડાયરેક્ટરો, પ્રમોટરો, ભાગીદારો, ટ્રસ્ટીઓના નામ ભારતીય રિઝર્વ બૅન્ક, ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટ્યૂશન્સ/સીઆઈસીની કોઈ બૅન્કો અથવા કોઈ નિયામક મંડળ દ્વારા જારી કરાયેલ વિલફુલ ડીફોલ્ટર્સ/ડીફોલ્ટર્સની યાદીમાં સામેલ નથી અને વધુમાં તેઓ કોઈ વ્યક્તિ કે જે પહેલા જ કોઈ કંપની, એલએલપી, સોસાયટી, ભાગીદારી પેઢી, બૉડી કૉર્પોરેટના બોર્ડ કે જેને બૅન્ક દ્વારા વિલફુલ ડીફોલ્ટર તરીકે દેણદાર(રો)ને ઓળખાવવામાં આવી હોય તેના બોર્ડ પર છે તેને નિયુક્ત નહીં કરે, અને જો આવી વ્યક્તિ દેણદારના મંડળ, મૅનેજિંગ કમિટી, સમાન મંડળોમાં હોવાનું જણાય તો દેણદારને આ હકીકત ધ્યાનમાં આવ્યાના 30 (ત્રીસ) દિવસોની અંદર આવી વ્યક્તિને બોર્ડ, મૅનેજિંગ કમિટી, સમાન મંડળો પરથી દૂર કરવા ત્વરિત અને અસરકારક પગલાં લેવામાં આવશે એ સ્વીકારે છે.

(v) દેણદારો સહમત થાય છે કે ક્રેડિટ સુવિધાઓનો ઉપયોગ એફઆઈસીસીએલ દ્વારા જારી કરાયેલ મંજૂરી પત્રમાં જણાવેલ હેતુ માટે જ અથવા અન્ય કોઈ ટ્રાન્ઝેક્શન ડૉક્યુમેંટ્સમાં સહમતી મુજબ જ કરાશે અને આને બીજે ક્યાંય વાળવામાં, ખિસ્સામાં નાખવામાં નથી આવ્યાં. આ સંદર્ભમાં, દેણદારો જરૂરી એન્ડ–યુઝ પ્રમાણપત્રો, વધારાના દસ્તાવેજો અને પુરાવા કે જે એફઆઈસીસીએલ અંતિમ ઉપયોગની સ્વતંત્ર ખાતરી કરી શકે તે માટે એફઆઈસીસીએલ દ્વારા વખતો વખત માગવામાં આવે તે પૂરાં પાડવા સહમત થાય છે. ઉપરાંત, દેણદારો એફઆઈસીસીએલને તેમની પ્રીમાઈસિસની મુલાકાત કરવાની અને ઑડિટ કરવાની અથવા સરપ્રાઈઝ વિઝિટ કરવાની અને તેમનાં રેકૉર્ડસની એન્ડ–યુઝની ખાતરી કરવા પહોંચ મેળવવાની વિશિષ્ટ પરવાનગી આપે છે. દેણદારો વધુમાં સહમત થાય છે કે એફઆઈસીસીએલ તેની સંપૂર્ણ મુનસફીએ એફઆઈસીસીએલ દ્વારા મંજૂર કરાયેલ ફંડના કોઈ ડાયવર્ઝન અથવા સાયફન ઑફ કરવામાં દેણદારો સંકળાયેલ છે કે કેમ તે પ્રમાણપત્ર મેળવવા તેમ જ ઑડિટરો/પ્રોફેશનલ દ્વારા જારી કરાયેલ પ્રમાણપત્રો પર ભરોસો કરવા દેણદારોના ખર્ચે અને લાગતે થર્ડ પાર્ટી ઑડિટર, પ્રોફેશનલને નિયુક્ત કરી શકે છે.

## 14. અન્ય વિવિધ બાબતો

14.1 ઋણ લેનાર/લેનારાઓની બાકી રહેતી ચુકવણી ઋણ લેનાર/લેનારઓનાં અને અથવા અન્ય ત્રાહિત પક્ષનાં મૃત્યુ, વિઘટન, નાદારી અથવા ઠપ્પ થવાને લીધે પાછી ખેંચવામાં કે રદ કરવામાં કે અસર પામશે નહીં અને એફઆઇસીસીએલ લોનની શરતો અને ઋણ લેનાર/લેનારાઓ અને/અથવા અન્ય કોઇ વ્યક્તિ દ્વારા એફઆઇસીસીએલનાં પક્ષમાં પૂર્ણ કરેલા લોનના દસ્તાવેજો અનુસાર તેના તમામ હકોને આધારે પગલાં ભરવા અને તેની અમલ બજવણી કરવા માટે હકદાર હશે.

14.2 એફઆઇસીસીએલના ખાતાઓ / ખાતાના ચોપડાઓ / રેકોર્ડ્સમાં સામાન્ય પદ્ધત્તિને અનુસાર જાળવવામાં આવી હોય અને ઋણ લેનાર/લેનારાઓની બાકી રહેતી ચુકવણીનાં સંબંધમાં વૈધાનિક આવશ્કતાઓ અને/અથવા એફઆઇસીસીએલના નિયુક્ત અધિકારી દ્વારા હસ્તાક્ષર કરેલા કોઇ સ્ટેટમેન્ટને સુસંગત કરવામાં આવેલી એન્ટ્રીઝ આખરી રહેશે અને તે ઋણ લેનાર/લેનારાઓને બંધનકારક હશે. આવી એન્ટ્રીઝ અને/અથવા સ્ટેમેન્ટ્સ લોન અને ઋણ લેનાર/લેનારાઓની બાકી રહેતી ચુકવણીનાં સંદર્ભમાં રેકોર્ડ કરવામાં આવી હોય તે મુજબ ઋણ લેનાર/લેનારાઓનાં અસ્તિત્ત્વ અને બાકી રહેતી ચુકવણીની રકમનો નિશ્ચયાત્મક પુરાવો હશે. લોનને લગતા અને હાલમાં એફઆઇસીસીએલની કસ્ટડીમાં હોય એવા એફઆઇસીસીએલના પક્ષમાં જારી કરેલા ઋણ લેનાર(લેનારાઓ)ના નહીં વટાવેલા / ઉપયોગમાં નહીં લીધેલા કોઇ પણ ચેક્સને પાકતી મુદ્દતે અથવા લોનની પૂર્વચુકવણી દ્વારા લોનના ક્લોઝર પછી તાત્કાલિક ધોરણે કોઇ નોટિસ આપ્યા વિના રદ કરવામાં આવશે અને/અથવા તેનો નાશ કરવામાં આવશે.

14.3 ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી ચુકવણી અને/અથવા લોનની શરતો હેઠળ અને તેનાં સંબંધમાં તમામ નોટિસો અથવા અન્ય સંદેશાવ્યવહારો લેખિતમાં આપવાના રહેશે અને જ્યાં સુધી જણાવવામાં ન આવે ત્યાં સુધી તે પત્ર અથવા ફેક્સિમિલી દ્વારા કરી શકાય છે. આવી કોઇ પણ નોટિસ અથવા અન્ય સંદેશાવ્યવહાર અસરકારક માનવામાં આવશેઃ (શ) જો તેને પત્ર દ્વારા મોકલવામાં આવે ત્યારે, જ્યારે વ્યક્તિગત રીતે સોંપવામાં આવે અથવા પોસ્ટ દ્વારા રવાના કરવામાં આવે ત્યારે ત્યારે, જ્યારે પત્રને પાછો લેવો મોકલનારનાં નિયંત્રણની બહાર હોય; અને (શશ) જો ફેક્સિમિલી દ્વારા મોકલવામાં આવે (સાચા ફેક્સિમિલી નંબર પર પ્રાપ્ત થવાની પુષ્ટિ પર). જોકે જ્યાં સુધી એફઆઇસીસીએલ દ્વારા વાસ્તવિકપણે પ્રાપ્ત કરવામાં અને સ્વીકૃતિ આપવામાં ન આવે ત્યાં સુધી એફઆઇસીસીએલને અપાતી કોઇ નોટિસ અથવા સંદેશાવ્યવહાર અસરકારક રહેશે. નોટિસો અથવા સંદેશાવ્યવહાર (શ) નોટિસ મોકલવાની હોય એવા ઋણ લેનાર/લેનારાઓનાં સરનામાં પર અથવા ફેક્સિમિલી નંબર પર (એપ્લિકેશન ફોર્મમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે) અને (શશ) એફઆઇસીસીએલની ઝોનલ/ પ્રાદેશિક/ શાખાની ઓફિસનું સરનામું અથવા ફેક્સિમિલી નંબર પર (એપ્લિકેશન ફોર્મમાં સ્પષ્ટ કર્યા પ્રમાણે) અથવા અન્ય કોઇ સરનામાં અથવા ફેક્સિમિલી નંબર કે જે ઋણ લેનાર/લેનારાઓ અને એફઆઇસીસીએલ દ્વારા એકબીજાને લેખિતમાં મોકલવા માટે આપ્યા હોય તેના પર મોકલવાના રહેશે. ઋણ લેનાર/લેનારાઓ તેમના/તેણીના/તેઓના સંપર્કનાં સરનામાં અથવા વિગતોમાં કોઇ ફેરફાર અંગે એફઆઇસીસીએલને લેખિતમાં જાણ કરવામાં નિષ્ફળ જાય એવા કિસ્સામાં એપ્લિકેશન ફોર્મમાં સ્પષ્ટ કરેલા અથવા ઋણ લેનાર/લેનારાઓ દ્વારા છેલ્લે આપવામાં આવેલાં સરનામાં પર નોટિસ/સંદેશાવ્યવહારની સેવાને યોગ્ય અને પૂરતી સેવા માની લેવામાં આવશે, પછી ભલે આવી નોટિસ એફઆઇસીસીએલ માટે પહોંચ્યા વિના પરત થઈ હોય કે ન હોય.

14.4 ઋણ લેનાર/લેનારાઓ એફઆઇસીસીએલની મંજૂરી વિના લોનની શરતો હેઠળ તેના તમામ અથવા કોઈ પણ હકો, લાભ અથવા ફરજોને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સોંપશે અથવા તબદિલ કરશે નહીં. કોઇ પણ સમયે એફઆઇસીસીએલ લોનની શરતો અને લોનના અન્ય દસ્તાવેજો હેઠળ તેના તમામ અથવા કોઇ પણ હકો, લાભ અને ફરજોને સોંપી અથવા તબદિલ કરી શકે છે. આ પ્રકારની સોંપણી અથવા તબદિલી હોવા છતાં પણ ઋણ લેનાર/લેનારાઓ જ્યાં સુધી એફઆઇસીસીએલ દ્વારા જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી લોનની શરતો હેઠળ એફઆઇસીસીએલને તમામ ચુકવણી કરવાનું જારી રાખશે અને એફઆઇસીસીએલને જ્યારે આવી તમામ ચુકવણી કરવામાં આવે તો તે આવી ચુકવણીનાં સંદર્ભમાં તેની તમામ જવાબદારીઓમાંથી ઋણ લેનાર/લેનાર સંપૂર્ણ મુક્તિ થશે. એફઆઇસીસીએલ કોઇ પણ સમયે ઋણ લેનાર(લેનારાઓ)ની કોઇ સંમતિ અથવા સંદર્ભ વિના આ કરાર હેઠળ તેના તમામ અથવા કોઇ પણ હકો, લાભ અને ફરજોને કોઇ પણ વ્યક્તિને સમગ્રપણે અથવા આંશિક રીતે વેચવા, સોંપવા, સુરક્ષિત રાખવા, નોવેટ અથવા તબદિલ કરવા માટે હકદાર બનશે અને આમ તે એફઆઇસીસીએલ દ્વારા નક્કી કરેલા આવા વેચાણ, સોંપણી અથવા તબદિલી ઋણ લેનાર(લેનારાઓ)ને નિશ્ચિતપણે બંધનકારક હોય એ રીતે અને એવા નિયમો અને શરતો મુજબ કરશે.

14.5 લોનની શરતો અથવા લોનના અન્ય કોઇ દસ્તાવેજની કોઇ જોગવાઇ જે કોઇ પણ ન્યાયક્ષેત્રમાં પ્રતિબંધિત હોય કે બિન–અમલ કરવા પાત્ર હોય તો તે આવા ન્યાયક્ષેત્રમાં પ્રતિબંધ અથવા બિન–અમલ કરવા પાત્રની હદ સુધી બિન–અસરકારક રહેશે, પરંતુ તે લોનની શરતોની અને લોનના આ પ્રકારના અન્ય દસ્તાવેજની બાકીની જોગવાઇઓને અમાન્ય રાખશે નહીં અથવા અન્ય કોઇ ન્યાયક્ષેત્રમાં આવી જોગવાઇને અસર કરશે નહીં.

14.6 કોઇ ડિફોલ્ટ માટે અથવા લોનની શરતો અથવા લોનના દસ્તાવેજો હેઠળ એફઆઇસીસીએલને મળેલા કોઇ હક, સત્તા અથવા ઉકેલનાનો ઉપયોગ કરવામાં અથવા ઉપયોગ કરવાની અપેક્ષામાં કોઇ વિલંબ આવા કોઇ હક, સત્તા અથવા ઉકેલને નબળા પાડશે નહીં અથવા તેનો અર્થ તેમને જતા કરવાનો અથવા આવા ડિફોલ્ટમાં તેને સંમતિ આપી હોવાનો થશે નહીં કે કોઇ ડિફોલ્ટ અથવા તેના દ્વારા આપેલી કોઇ સંમતિનાં અનુસંધાનમાં એફઆઇસીસીએલની ક્રિયા અથવા નિષ્ક્રિયતા અન્ય કોઇ ડિફોલ્ટનાં અનુસંધાનમાં એફઆઇસીસીએલના કોઇ હક, સત્તા અથવા ઉકેલને અસર કરશે નહીં અથવા તેમને નબળા પાડશે નહીં. લોનની શરતો અને લોનના અન્ય દસ્તાવેજો હેઠળ એફઆઇઆઇસીએલના હકોનો આવશ્યક હોય એ પ્રમાણે ઉપયોગમાં લઈ શકાય છે, તેઓ એકત્રિત છે અને સામાન્ય કાયદા હેઠળ તેમના હકો વિશિષ્ટ નથી અને તેને લેખિતમાં અને વિશિષ્ટ રીતે અને એફઆઇસીસીએલની એક માત્ર મનસૂફીમાં જ જતા કરવામાં આવી શકે છે.

14.7 લોન, લોનની શરતો અને લોનના અન્ય દસ્તાવેજો (જ્યાં સુધી એપ્લિકેશન ફોર્મ, એમાઇટીસી અથવા અન્ય આવા લોનના દસ્તાવેજમાં સ્પષ્ટ કર્યું ન હોય ત્યાં સુધી) ભારતના કાયદા અનુસાર સંચાલિત થશે અને તેનું અર્થઘટન થશે. જો પક્ષો વચ્ચે આ સામાન્ય નિયમો અને શરતો અને/અથવા લોનનાં અમલ, અર્થઘટન અથવા અરજી કરવામાં કોઇ મતભેદ અથવા તકરાર ઊભા થયા હોય તો તેની રજૂઆત એફઆઇસીસીએલ દ્વારા નોમિનેટ કરવામાં આવનારા સિંગલ આર્બિટ્રેટરનાં આર્બિટ્રેશનમાં કરવાની રહેશે. એક માત્ર આર્બિટ્રેટરનો નિર્ણય આર્બિટ્રેશન એન્ડ કન્સિલિએશન એક્ટ, 1996ની જોગવાઇઓ હેઠળ આખરી રહેશે અને પક્ષોને બંધનકારક હશે. આર્બિટ્રેશન આર્બિટ્રેશન એન્ડ કન્સિલિએશન એક્ટ, 1996ની જોગવાઇઓ, તેના હેઠળના નિયમો અને તેમાં થયેલા સુધારાઓ અનુસાર સંચાલિત થશે. આર્બિટ્રેશનની કાર્યવાહી માત્ર ચેન્નઇ ખાતે રાખવામાં આવશે. ઉપર જે કંઈ જણાવાવમાં આવ્યું છે તેને આધિન પક્ષો વચ્ચે સ્પષ્ટપણે સંમતિ થાય છે કે ચેન્નઇ ખાતે કોર્ટ્સ અહીં સંમત થયેલી શરતોમાંથી અથવા તેના હેઠળ ઊભા થયેલા કોઇ દાવાઓ અથવા તકરારોનાં સંદર્ભમાં માંડેલો દાવો/અરજીનો મુકદમો ચલાવવા માટે વિશેષ ન્યાયક્ષેત્ર ધરાવશે. જોકે આ બાબત સુસંગત ન્યાયક્ષેત્રની અન્ય કોઇ કોર્ટ અથવા ટ્રિબ્યુનલમાં કાર્યવાહી ફાઇલ કરવા/લઈ જવા માટે ધિરાણકર્તાના હકોને મર્યાદિત કરશે નહીં.

14.8 ઋણ લેનાર/લેનારાઓ સ્પષ્ટપણે કબૂલે છે અને સ્વીકારે છે કે એફઆઇસીસીએલ આવી પ્રવૃત્તિઓ પોતાની જાતે અથવા તેમના અધિકારીઓ અથવા સેવકો મારફતે હાથ ધરવાના તેના હકોનો પૂર્વગ્રહ રાખ્યા વિના એફઆઇસીસીએલની પસંદગીના એક અથવા વધુ ત્રાહિત પક્ષોની નિમણૂક કરવા માટે અને લોન અને ઋણ લેનાર/લેનારાઓની બાકી રહેતી ચુકવણી પર દેખરેખ રાખવા અને/અથવા એફઆઇસીસીએલને ચુકવવાની બાકી રહેતી રકમને વસૂલવા/પ્રાપ્ત કરવા માટે અથવા લોનની શરતો હેઠળ નહીં ચુકવેલી તમામ રકમોને એફઆઇસીસીએલના પક્ષમાં વસૂલવા અને તેની સાથે સંબંધિત અથવા ઋણ લેનાર/લેનારાઓની ઓફિસ અથવા રહેઠાણ પર જવા, ચુકવવાની બાકી રહેતી રકમો પ્રાપ્ત કરવા અને આવા ઉદ્દેશ માટે ત્રાહિત પક્ષને યોગ્ય લાગી શકે એવી તમામ કાયદેસરની ક્રિયાઓ હાથ ધરવા સહિતની તેની સાથે પ્રાસંગિત તમામ ક્રિયાઓ, ડીડ્ઝ, વિષયો અને બાબતો હાથ ધરવા અને અમલ કરવા માટે સંપૂર્ણપણે હકદાર હશે અને સંપૂર્ણ સત્તા તથા અધિકૃત્તતા ધરાવશે અને એફઆઇસીસીએલ હંમેશાં એફઆઇસીસીએલ દ્વારા નિમણુક કર્યા હોય એવા કોઇ પણ આવા ત્રાહિત પક્ષ / અન્ય વ્યક્તિ સાથે ઋણ લેનાર અને/અથવા લોનને સંબંધિત તમામ દસ્તાવેજો, ખાતાનાં સ્ટેટમેન્ટ્સ અને કોઈ પણ પ્રકારની અન્ય માહિતીની આપ–લે કરવા માટે હકદાર બનશે.

14.9 ઋણ લેનાર/લેનારાઓ લોનની મુખ્ય રકમ અથવા તેના પર ચુકવવાના બાકી રહેતા વ્યાજની ચુકવણી અથવા પુનઃચુકવણી કરવામાં ડિફોલ્ટ થાય એવા કિસ્સામાં એફઆઇસીસીએલ અને/અથવા આરબીઆઇ ડિફોલ્ટર્સ તરીકે ઋણ લેનાર/લેનારાઓ અને/અથવા લાગુ થવા પાત્ર તેના ડિરેક્ટર્સ/ભાગીદારો/સહ–અરજદારોનાં નામની સાથે આવા ડિફોલ્ટની વિગતોને એફઆઇસીસીએલ અને/અથવા આરબીઆઇ તેમની સંપૂર્ણ મનસૂફીમાં યોગ્ય લાગે એવી રીતે અને એવા માધ્યમમાં જાહેર કરવાનો અથવા પ્રકાશિત કરવાનો અમર્યાદિત અધિકાર ધરાવશે.

14.10 એક કરતા વધુ ઋણ લેનારે લોન માટે સંયુક્ત રીતે અરજી કરી હોય એવા કિસ્સામાં ઋણ લેનાર/લેનારાઓની ચુકવવાની બાકી રહેતી ચુકવણી માટે ઋણ લેનાર/લેનારાઓની જવાબદારી સંયુક્ત, આગવી અને સમવિસ્તૃત્ત હશે. જ્યાં ઋણ લેનાર/લેનારાઓ એક માત્ર પ્રોપ્રાયટરી પેઢી તરીકે કારોબાર કરતા હોય તો ઋણ લેનાર/લેનારાઓ ઉપર જણાવેલી પેઢીની જવાબદારીઓ માટે એક માત્ર જવાબદાર હશે અને તેઓ એફઆઇસીસીએલને લોનનાં સંદર્ભમાં તમામ રકમની પુનઃચુકવણી / ચુકવણી કરવા માટે વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે. ઋણ લેનાર(લેનારાઓ) જાહેર કરે છે કે એપ્લિકેશન ફોર્મમાં આપવામાં આવેલી/ ભરેલી તમામ માહિતી અને વિગતો અને એપ્લિકેશન સાથે સુપરત કરેલા દસ્તાવેજો સાચા, યોગ્ય, સંપૂર્ણ અને તમામ સંદર્ભમાં અદ્યતન છે અને લોનની મંજૂરીના નિર્ણય પર અસર કરી શકે એવી કોઇ વાસ્તવિક વિગત ગુપ્ત રાખવામાં આવી નથી.

14.11 એફઆઇસીસીએલ કોઇ પણ સમયે લોનની કોઇ પણ શરતમાં સુધારો અથવા ઉમેરો કરવાની સંપૂર્ણ મનસૂફી ધરાવે છે અને તે જ્યારે પણ શક્ય હોય ત્યારે આવા ફેરફારો માટે પરિસ્થિતિને અનુસાર ઇમેઇલ દ્વારા અથવા વેબસાઇટ પર મૂકીને 15 (પંદર) દિવસ અગાઉ નોટિસ આપશે અને આ પ્રકારના સુધારેલા નિયમો અને શરતો ઋણ લેનારને લાગુ થશે અને તેમને બંધનકારક હશે. આ ઉપરાંત લોનની શરતો બેંકો અને નાણાકીય સંસ્થાઓને વખતો વખત આરબીઆઇ દ્વારા જારી કરેલી માર્ગદર્શિકાઓ / નિર્દેશકોને આધારે ફેરફાર થવાને પણ આધિન હશે.

14.12 આ સામાન્ય નિયમો અને શરતોની અંગ્રેજી આવૃત્તિ ઉપરાંત એમઆઇટીસીમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેની ભાષામાં અનુવાદ કરેલી પ્રાદેશિક ભાષાની આવૃત્તિ પણ ઋણ લેનારને પૂરી પાડવામાં આવશે અને અંગ્રેજી આવૃત્તિ અને પ્રાદેશિક ભાષાની આવૃત્તિમાં જો કોઇ વિસંગતતા હશે તો અંગ્રેજી આવૃત્તિ માન્ય રહેશે.

14.13 સ્વીકારઃ

મેં/અમે આખું એગ્રીમેન્ટ (કરાર) ક જે મારી ઉપસ્થિતિમાં ભરવામાં આવ્યું છે તે વાંચ્યું છે. હું/અમે આ સાથે જોડેલા શેડ્યૂલ્સમાં નિર્ધારિત વિગતો સહિત બધી જ શરતો દ્વારા બંધનકર્તા રહીશું.

ઉપર જણાવેલ કરાર અને અન્ય દસ્તાવેજો મને/અમને સમજાતી ભાષામાં મને/અમને સમજાવવામાં આવ્યાં છે અને મેં/અમે વિવિધ ધારાઓના સંપૂર્ણ અર્થ સમજી લીધાં છે તથા આ કરારની વિગતો ચકાસ્યા અને સમજી લીધાં પછી મારી/અમારી સહી કરી છે.

હું/અમે સહમત થાઉં છું/થઈએ છીએ કે એફઆઇસીસીએલના અધિકૃત અધિકારી આ કરારમાં સહી કરે એ તારીખથી આ કરાર આખરી અને કાયદેસર બંધનકર્તા રહેશે.

14.14 પેમેન્ટ હૉલિડેઃ

(ક) ઉપર કરારમાં જણાવેલ શરતો છતા, એફઆઈસીસીએલ તેની સંપૂર્ણ મુનસફીએ તેની પોતાની ઈચ્છાએ અથવા લેખિતમાં દેણદાર(રો)ની વિનંતી કરવા પર લોનની મુદત દરમિયાન દેણદારોને ત્રણ પેમેન્ટ હૉલિડે ફાળવી શકે છે, જે અનુસાર લોન સમરી શેડ્યૂલમાં જણાવેલ પાકતી તારીખે અથવા કરારની શરતો અનુસાર હપ્તો ચૂકવવાની જવાબદારી આવતી પાકતી તારીખે લઈ જવામાં આવશે. એકવાર આ સુવિધા ફાળવ્યા પછી લોનની મુદત ફાળવેલા પેમેન્ટ હૉલિડેઝની સંખ્યા અનુસાર અને/અથવા અન્યથા અનુપાતની સંખ્યામાં વધુ મહિનાઓ માટે લંબાશે. કરારમાં જણાવ્યા મુજબ અથવા એફઆઈસીસીએલ દ્વારા પત્રવ્યવહાર કરાયા મુજબ લાગુ થતા વ્યાજ અને અન્ય ચાર્જિસ આ સુવિધા માટે લાગુ રહેશે. જો કે, એફઆઈસીસીએલ દ્વારા તેની સંપૂર્ણ મુનસફીએ એકવાર આ સુવિધા ફાળવ્યા પછી લેટ પેમેન્ટ ચાર્જિસ લાગુ નહીં થા. વધુમાં, આને લીધે ઈવેન્ટ ઑફ ડીફોલ્ટ પણ નહીં સર્જાય. કરવેરા અને શૂલ્કો લાગુ થાય તેમ લાગુ રહેશે.

(ખ) એકવાર એફઆઈસીસીએલ દ્વારા તેની સંપૂર્ણ મુનસફીએ પેમેન્ટ હૉલિડે સુવિધા ફાળવવામાં આવ્યા પછી, દેણદાર સમજે છે કે લોન સમરી શેડ્યૂલ / રીપેમેન્ટ શેડ્યૂલમાં લોનની જણાવેલી મુદત ફાળવેલા પેમેન્ટ હૉલિડેઝની સંખ્યાના અનુપાતમાં વધુ મહિનાઓ માટે આપમેળે અને/અથવા અન્યથા લંબાવવામાં આવશે. વધુમાં, દેણદાર એ પણ સમજે છે કે લોન સમરી શેડ્યૂલ/રીપેમેન્ટ શેડ્યૂલમાં જણાવેલ દરેક ઈએમઆઈની પાકતી તારીખ ફાળવેલા પેમેન્ટ હૉલિડેઝની સંખ્યાના અનુપાતમાં વધુ મહિનાઓ માટે આપમેળે અને/અથવા અન્યથા લંબાવવામાં આવશે. તદ્નુસાર, દેણદાર એફઆઈસીસીએલ સાથે લોન સમરી શેડ્યૂલ / રીપેમેન્ટ શેડ્યૂલમાં તેમ જ કરારની મુખ્ય શરતોમાં આ સુધારો કરવા સહમત થાય છે જેથી આ સુવિધાને અમલી કરી શકાય.

(ગ) પેમેન્ટ હૉલિડે એફઆઈસીસીએલની સંપૂર્ણ મુનસફીએ ફાળવવામાં આવે છે અને દેણદાર(રો) પોતાના અધિકાર તરીકે આ સુવિધાની માગણી કરવાનો વારસાગત અધિકાર નથી ધરાવતા. એફઆઈસીસીએલ પૂવ સૂચના આપ્યા વિના, ગમે ત્યારે પેમેન્ટ હૉલિડે સુવિધા સંબંધિત બધી જ અથવા કોઈપણ નિયમો અને શરતોમાં સુધારો, ફેરફાર અથવા બદલી કરવાનો અથવા ઉપરોક્ત ઑફરને અન્ય ઑફર, પછી તે ઉપર જણાવેલી ઑફર જેવી હોય કે ન હોય તેની સાથે પૂરેપૂરી અથવા આંશિક બદલવાનો અથવા તે પૂરેપૂરી પાછી ખેંચવાનો અધિકાર અબાધિત રાખે છે તથા આ રીતે કરાતા ઉમેરા, સુધારા, ફેરફારો, પરિવર્તનો અથવા બદલી દેણદારને બંધનકર્તા રહેશે. આ સંદર્ભે દરેક પત્રવ્યવહાર કરારમાં જણાવેલ નોટિસ ધારાની શરતોને આધીન રહેશે.

14.15 ઈન્સ્યૉરન્સ અથવા થર્ડ પાર્ટી પ્રોડક્ટ્સ

હું/અમે સહમત થાઉં છું/થઈએ છીએ અને સમજું છું/સમજીએ છીએ કે ઈન્સ્યૉરન્સ અને/અથવા અન્ય થર્ડ પાર્ટી પ્રોડક્ટ્સ અહીં લોનની અરજી અને ફાળવણીના હેતુસર ફરજિયાત નથી. આ વીમો અને/અથવા અન્ય થર્ડ પાર્ટી પ્રોડક્ટ્સ કે જે લોન અરજી સાથે મળ્યા હોય તેનો લાભ લેવો એ અમારી/મારી સંપૂર્ણ ઈચ્છા પર રહેશે.

14.16 દસ્તાવેજો/ફોટોગ્રાફ્સ એકવાર એફઆઈસીસીએલને રજુ કરી દીધા પછી કોઈપણ સંજોગોમાં પાછા નહીં આપવામાં આવે.

14.17 દસ્તાવેજો પ્રાપ્ત થવા દરમિયાન થતા કોઈ નુકસાન અથવા વિલંબ માટે એફઆઈસીસીએલ જવાબદાર નહીં રહે. અધૂરી/ખામીયુક્ત અરજીઓની પ્રક્રિયા નહીં કરવામાં આવે અને એફઆઈસીસીએલ આના પરિણામ સ્વરૂપ થતા વિલંબ અથવા અન્યથા માટે કોઈ રીતે જવાબદાર નહીં રહે.

14.18 ઈક્વેટેડ મંથલી ઈન્સ્ટોલમેંટ્સ (ઈએમઆઈ) દર મહિનાની 4થી/5મી તારીખે પાકશે.

એફઆઈસીસીએલ લિમિટેડ દ્વારા પોતાના અધિકૃત
હસ્તાક્ષરકર્તા મારફતે હસ્તાક્ષર કરેલ અને સોંપેલ